

શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

જાન્યુઆરી-૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જાન્યુઆરી, ૨૦૨૪









: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: સંસ્થાપક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


વર્ષ : ૨૦, અંક : ૧, જાન્યુઆરી-૨૦૨૪
(કુલ પેજ ૧ થી ૨૮)

તંત્રીશ્રી : સાધુ અચ્યુતદાસજી
સહતંત્રીશ્રી : સાધુ નંદકિશોરદાસજી

મુદ્રક : પ્રવીણ પ્રિન્ટીંગ, વડોદરા

:: માલિક તથા પ્રકાશક ::
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વાર્ષિક લવાજમ : રૂ.૪૦/-
૪ વર્ષ લવાજમ : રૂ.૧૫૦/-
૧૫ વર્ષ લવાજમ : રૂ.૫૦૦/-
પરદેશમાં ૧૫ વર્ષ લવાજમ : રૂ.૮૫૦૦/-

'સત્સંગ સેવક' દર મહિનાની પહેલી
તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશન સ્થળ તથા પત્ર વ્યવહાર
સત્સંગ સેવક કાર્યાલય
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ,
વડોદરા-૧૮, ફોન : ૦૨૬૫-૨૪૬૨૬૨૮



www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org




## અનુક્રમણિકા


3 પાકું છે.
- પ.પૂ.શ્રીગુરુજી

4 કોને ભગવાનની પ્રાપ્તિ નથી ?
- પ.પૂ.શ્રીગુરુજી

6 પડઘો
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

7 લોઢું કાંઈ તરે..?
- સાધુ સાકારસ્વરૂપદાસ

8 બે પોટલીઓ
- સાધુ વર્ણિવેષદાસ

9 મહાજનો યેન ગતઃ સ પન્થાઃ
- સાધુ અનાદિસ્વરૂપદાસ

10 પ્લેઝર લૂપ
- સાધુ ચિત્સાગરદાસ

12 ગુણ આવવાનું દ્વાર : "ગુણિયલનો સ્વીકાર"
- સાધુ સંકીર્તનદાસ

13 રાજીપાનું રહસ્ય
- સાધુ અન્વયસ્વરૂપદાસ

14 પાર્વતીબાનું મચકણિયું
- સાધુ પ્રસન્નવદનદાસ

16 પ્રતિકૂળતામાં પ્રગતિ...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 ભક્ત કેવો હોય ?
- પ.ભ.શ્રીપંકજભાઈ ડી.પટેલ-વડોદરા

20 બાળકિલ્લોલ

22 "દિવાળી શિબિરની યાદગાર પળો"
- પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

25 સત્સંગ સમાચાર

## કાવ્યકૃપા



# પાકું છે.

સાચા સંત સેવાય તો, સુખિયા થાવાનું પાકું છે;
સત્શાસ્ત્ર સદા સેવાય તો, જ્ઞાન થાવાનું પાકું છે.

કાયમ કથા સંભળાય તો, સદ્‌ગુણ આવવાનું પાકું છે;
દિલથી સેવા કરાય તો, રાજીપો મળવાનું પાકું છે.

સાચો ધર્મ પળાય તો, નિર્ભય રહેવાનું પાકું છે;
મોટા પાસે હળવા રહેવાય તો, સહુમાં ભાર વધવાનું પાકું છે.

સદા સાચું સ્વીકારાય તો, મહાન થાવાનું પાકું છે;
અખંડ હરિસ્મૃતિ કરાય તો, હરિ પામ્યાનું પાકું છે.



: રચયિતા :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામ



કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૨૬/૦૨/૨૦૧૭ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં કરેલ મનનીય પ્રવચન...

# કોને ભગવાનની પ્રાપ્તિ નથી ?

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! જ્યાં જ્યાં નજર જાય ત્યાં ભગવાનની યાદ આવવી જોઈએ. **જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.** કેમ જે, બધામાં ભગવાન રહ્યા છે અને બધું ભગવાનને લઈને છે.

કોઈ સ્ત્રી દેખાઈ જાય એ વખતે એવું યાદ આવે કે આમાં મારા મહારાજ બેઠા છે, તો વિકાર ન થાય. કદાચ એમાં ભગવાન છે એવું યાદ ન આવ્યું, પણ જો એવું યાદ આવે કે એ આકાર ભગવાનનો બનાવેલો છે. જેણે બીજાને આવો આકાર બનાવી દીધો છે તો એનો ખુદનો આકાર કેટલો મહાન અને રૂપાળો હશે ! એટલું યાદ આવે તોય કુદૃષ્ટિ ન થાય અને ભગવાન સાંભરે. જો એમ મનાય કે એ આકારમાં ભગવાનનો આકાર છે ત્યારે જ એ સાકાર છે; તોય માયિક આકારમાં વૃત્તિ અટકે નહિ અને સીધી પુરુષોત્તમ સાથે જોડાય જાય. કેમ જે, એમાં ભગવાન છે. પરમાત્માનો આકાર જ સત્ય છે. બીજા બધા આકારો પાણીના પરપોટાથી વિશેષ કાંઈ નથી.

શરીર સાજું રહે, ધનની આવક ઝાઝી થાય, ઘરમાં માન–સન્માનથી રહીએ, મંદિરમાં અને સત્સંગમાં પણ આપણું મોટું નામ અને સ્થાન ગણાય; આ મોક્ષ ન કહેવાય. જે નાશ થઈ જનારું છે એને અર્થે અવિનાશી વસ્તુ દાવમાં ન મુકાય.

સંસારમાં કે સત્સંગમાં મેળવેલી મોટ્યપ કે આ લોક સંબંધી જે કાંઈ ભેગું કર્યું હશે એનો કાળ ઓચિંતા ક્ષણવારમાં નાશ કરી નાંખશે. કોણ નથી જાણતા કે કાળ આવવાનો છે ? ભલે એ નથી ખબર કે કઈ ઘડીએ આવશે, પણ એ તો ખબર જ છે ને કે આ જે કાંઈ અનુભવાઈ રહ્યું છે એ એક દિવસ ફટ દઈને ફૂટી જવાનું છે. આત્મા દેહથી જુદો થઈ જવાનો છે. જો જીવ ભગવાનના સ્વરૂપમાં નિર્વાસનિક થઈને જોડાયો હશે તો ભગવાન અનુભવાશે, પરંતુ જો ભગવાન સિવાયની બીજી ઈચ્છાઓ રહી ગઈ હશે તો તરત જન્મ આવશે. અત્યારે આપણને બધાને આ દેહમાં મૂકી જ દીધા છે ને, એમ કોઈક બીજા દેહમાં ભગવાન મૂકી દેશે. કેમ જે, આપણે આ મડદાને ને મડદાના સુખને મૂકતા જ નથી. હું આત્મા છું એ વાત સ્વીકારવી નથી, મારામાં સાક્ષાત્ ભગવાન છે; એમ અખંડવૃત્તિ કેળવવી નથી અને કલ્યાણ, કલ્યાણ એવો બકવાસ ચાલુ રાખીએ છીએ, માટે આપણે હવે જાગવા જેવું છે.

**ભગવાન અખંડ સાંભરે અને બીજું કાંઈ ન સાંભરે એને જ કલ્યાણ કહેવાય.** એટલે જ મહારાજે વચ.ગ.પ્ર.૧માં એમ કહ્યું કે, **"ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી." ભગવત્પ્રાપ્તિ એટલે અખંડવૃત્તિ.** ભગવાન સાંભરતા નથી અને ભગવાનને બાથમાં લઈને ઊભા હોઈએ તોય એ ભગવત્પ્રાપ્તિ નથી. બાકી ભગવાન કોનાથી અણુય છેટા છે ? કોને ભગવાનની પ્રાપ્તિ નથી ? ભગવાન ક્યાંય બીજે ખોળવા જવાના નથી. ભગવાન પોતે જ કહે છે કે, હું સર્વાત્મા છું, બધામાં રહ્યો છું. તમારે અને મારે એક અણુનુંય છેટું નથી.

**ભગવાન, ભગવાનની માયા અને આત્મા દેશથી અલગ નથી.** તેથી જીવ એનો વિભાગ કરી શકતો નથી. જમ્યા પછી મુખવાસની ડીસ ફરે ત્યારે એમાં એલચી, લવિંગ, તજ વગેરે એક ડીસમાં જુદું જુદું ગોઠવેલું હોય, પણ તમારી આગળ લાવે તો તમે તમારી ગમતી વસ્તુ લ્યો છો. તેમ આ સમગ્ર સૃષ્ટિ છે એમાં ભગવાન છે, માયા છે અને આત્માઓ પણ છે. આની ડીસ ભગવાને આપણી સામે ધરી છે, હવે

પસંદગી આપણે કરવાની છે કે શું લેવું, શું જોવું – ભગવાન, આત્મા કે માયા. ખરેખર લઈએ છીએ, માંગીએ છીએ માયા અને રોજ વાતો કરીએ છીએ કલ્યાણની..!

આજકાલ અમુક ફેશન, અમુક રિવાજ બહુધા સર્વે માણસોમાં વ્યાપી ગયાં છે. તેથી બધાને એમાં ખોટુંય કાંઈ લાગતું નથી. દા.ત. વધુ પડતાં ટૂંકાં વસ્ત્રો પહેરવાં, જાહેરમાં સ્ત્રી–પુરુષને પરસ્પર મળવું; આવી બીજાની રીતભાત જોઈને આપણનેય થોડી એવી છૂટછાટ લેવાની ઇચ્છા થાય ખરી. એવું લાગે કે એમાં શું ખોટું છે ? બધા એમ જ કરે છે ને એ કાંઈ થોડું ખોટું કહેવાય ?

એમ જ આખી દુનિયા જે માર્ગે ચાલતી હોય તે આપણને પણ બરાબર જ લાગે. કારણ કે, શું કલ્યાણ ? શું કલ્યાણની રીત ? તેની જેમ છે એમ આપણને ખબર નથી; પરંતુ આખી દુનિયા જમપુરી અને લખચોરાશીના માર્ગે ચાલતી હોય તેને જોઈને આપણે મૂર્ખાઈ કરીને બીજે ચાળે ન ચડી જવાય. સત્યને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. કેમ જે, સાચું શું છે ? એ જાણ્યા વિના આપણી ખોટ્ય આપણને કેમ પકડાય ? પહેલાં ભૂલ પકડાય પછી જ તેને સુધારવાની વાત શરૂ થાય.

વહાલા ભક્તો ! ભગવાને આપણને મનુષ્યદેહ આપ્યો છે. આ સમગ્ર સૃષ્ટિ રચી આપી છે. વળી, આ બધું રચ્યા પછી ભગવાન પોતે એને ચલાવવા માટે એની અંદર પ્રવેશ કરીને રહ્યા છે. **अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा । ભગવાન સર્વ જનોના આત્માપણે સર્વમાં અંતઃપ્રવેશ કરીને સર્વનું નિયમન કરી રહ્યા છે.** સૃષ્ટિ સમયે ભગવાન વૈરાટમાં આવ્યા ત્યારે વૈરાટ ઊભા થયા અને એની ક્રિયા કરવા સમર્થ થયા. બાકી અંદર એનો જીવ હતો, ઈન્દ્રિયો હતી, અંતઃકરણ હતાં, દેવતા હતા; પરંતુ પરમેશ્વર ન આવ્યા ત્યાં સુધી વૈરાટનારાયણ પોતાની કોઈ પણ પ્રકારની ક્રિયા કરવા સમર્થ થયા નહીં. તેમ આપણે પણ ભગવાન વિના કોઈ પણ ક્રિયા કરી શકતા નથી, તોપણ આપણે એ બકવાસ કેમ ચાલુ રાખીએ છીએ કે આ મેં કર્યું, આ તેં કર્યું ! કાંઈક સારું કામ થાય એનું અભિમાન કેમ આવે છે ? આને અજ્ઞાન કહેવાય કે જ્ઞાન ? અને આ રીતે જો કર્મ કર્યાનું અભિમાન પોષાતું હોય તો ભગવાનને અને કલ્યાણને આપણાથી ઘણું છેટું છે. **જે દિવસે પરમાત્મા કર્તા મનાઈ જાશે તે દિવસે કલ્યાણ થઈ જાશે.** એ વાત શ્રીહરિએ વચ. કારિયાણીના ૧૦માં કહી છે.

એક વાત યાદ રાખો, **ભગવાન જેને કર્તા મનાય એને પોતે કે બીજા કોઈ કર્તા મનાય જ નહીં.** આપણે તો પોતાનેય કર્તા માનીએ છીએ, બીજાનેય કર્તા માનીએ છીએ અને પાછા ભગવાનનેય કર્તા માનીએ છીએ. આપણું ચાલે ત્યાં સુધી આપણે કર્તા અને બીજા આપણું ચાલવા ન દે અને એ એનું ધાર્યું કરી જાય ત્યારે એ કર્તા અને આપણું કે બીજાનું કોઈનું ન ચાલે ત્યારે કહીએ કે ભગવાન કરે એમ થાય હો !

આપણી જિંદગી તો જુઓ ! કેવા અજ્ઞાનના કાદવમાં આપણે સબડીએ છીએ. આપણે ખુદ આપણા કારણશરીરમાં ઊતરીને આપણનેય જાણવા–સમજવાની જોઈએ એવી કોશિશ ક્યારેય કરતા નથી. દુનિયાને ક્યાં ઉપદેશ દેવા જાવું ! આપણે આપણને જ ઓળખતા નથી. મધ્યના ૫૩મા વચ.માં મહારાજ કહે છે, **“જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય, પણ એમ વિચારે નહિ જે, ‘મને મારા જીવની ખબર નથી જે, આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? કે લાંબો છે કે ટૂંકો છે ?’ એની કાંઈ ખબર નથી; તોપણ મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિશે પણ ખોટ્ય કાઢે અને એમ સમજે જે, ‘આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.’ એમ ખોટ્ય કાઢે છે.”**

બીજા આગળ ડહાપણ કરે ને પોતાની જાતને હોશિયાર માને કે, મેં આમ કર્યું અને મેં તેમ કર્યું. આપણને એમ વિચાર થવો જોઈએ કે, હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો છું ? પલ દો પલની જિંદગી છે. માટે કાંઈક સરખું સમજવું.

વહાલા ભક્તો ! **આપણે સત્યનો સ્વીકાર કરીએ કે ‘હું આત્મા છું.’ અસત્ય એવા દેહનો બહિષ્કાર કરીએ કે ‘હું દેહ નથી.’ પછી આત્મામાં રહેલા સદા સાકાર મૂર્તિ પરમ સત્ય શ્રીહરિનો સ્વીકાર કરીએ અને પ્રભુને આત્માનો સાચો આત્મા માનીને તેમાં પ્રેમ કરીએ.** આટલો સ્વીકાર કરવો એ જ આપણું પરમ કર્તવ્ય છે. ●●●



# પડઘો



લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક સત્સંગી પરિવારે વેકેશનની રજાનો સદુપયોગ કરવા માટે યાત્રામાં જવાનું ગોઠવ્યું. દાદા, દાદી, મોટાભાઈ, ભાભી, પોતાની પત્ની અને પરિવારનાં ત્રણ નાનાં બાળકો સાથે યાત્રાનો પ્રારંભ કર્યો. એક પછી એક તીર્થમાં દર્શન કરતાં કરતાં હિમાલયની પર્વતમાળામાં આવેલ બદ્રિનારાયણ તીર્થમાં આવી પહોંચ્યા. ભગવાન બદ્રિનાથનાં ભાવથી દર્શન કર્યાં. પહાડી વિસ્તારની ભગવાનની અદ્‌ભુત રચનાઓની અનુભૂતિ માટે આ પરિવાર મંગળાઆરતી અને સવારની કથા-વાર્તાનો લાભ લઈ, પર્વતોની વચ્ચે આવેલી એક સુંદર જગ્યાએ પહોંચ્યો. ચારે તરફ મોટા મોટા પર્વતો હતા. વાતાવરણ એકદમ શાંત હતું.

સહુકોઈ મહારાજની રચેલી આ અનુપમ સૃષ્ટિના સૌંદર્યને માણી રહ્યાં હતાં. પરિવારનો એક નાનો બાળક પર્વતોથી ઘેરાયેલ ખીણના કાંઠા પર ઊભો રહીને ઊંચા અવાજે બોલ્યો, "હું તને મારી નાંખીશ." અને થોડી જ ક્ષણોમાં પર્વતમાળાની ચારેબાજુથી બાળકે બોલેલા વાક્યના પડઘા પડવા માંડ્યા, "હું તને મારી નાંખીશ...હું તને મારી નાંખીશ... હું તને મારી નાંખીશ..." એકસાથે આટલા બધા અવાજ સાંભળીને પેલો બાળક એકદમ જ ગભરાઈ ગયો અને રડવા લાગ્યો.

બાળકનો રડવાનો અવાજ સાંભળીને પરિવારના એક વડીલ વ્યક્તિ એ બાળકની પાસે ગયા અને પૂછ્યું, "બેટા ! કેમ રડે છે ? તને શું થયું ?"

પેલા બાળકે કહ્યું, "મને ચારેબાજુથી કેટલા બધા લોકો મારવા માટે આવે છે." પેલા વડીલે પૂછ્યું, "આવું કેવી રીતે થયું ?" એટલે બાળકે જે ઘટના બની હતી તેની વાત કરી.

વડીલે હસતાં હસતાં કહ્યું, "ચિંતા ના કર બેટા, તું હવે એક કામ કર."

"શું કરું ?" બાળકે જિજ્ઞાસાથી પૂછ્યું.

હવે ઊંચા અવાજે બોલ, "હું તને ખૂબ પ્રેમ કરું છુ અને તારું ધ્યાન રાખીશ."

વડીલની વાત માનીને પેલો બાળક આ શબ્દો ઊંચા અવાજે બોલ્યો અને એનો જવાબ આપતી પર્વતમાળા ચારે દિશાએથી બોલી ઊઠી, "હું તને ખૂબ પ્રેમ કરું છું અને તારું ધ્યાન રાખીશ." પેલો બાળક તો આનંદમાં આવી ગયો, "કેટલા બધા લોકો મને પ્રેમ કરે છે અને મારું ધ્યાન રાખે છે."

વહાલા ભક્તો ! આપણા જીવનમાં ઊંડા ઊતરીને જોઈએ તો આવું જ કંઈક બનતું હોય છે. આપણી કાયમની એ ફરિયાદ હોય છે કે લોકો મને સમજતા નથી અને મારી સાથે સારાં વાણી-વર્તન રાખતા નથી, મને કોઈ પ્રેમ કરતું નથી, પરંતુ આપણને એ ખબર નથી કે, આપણી આજુબાજુવાળાની આપણી સાથેની વર્તણૂક એ આપણે કરેલા તેમના પ્રત્યેનાં આપણાં વાણી, વર્તન અને વ્યવહારનો પડઘો જ હોય છે.

પ્યારા પ્રભુએ આપણને સુખી કરવા માટે આપણી આજુબાજુ એવી વ્યક્તિઓ મૂકી જ હોય છે કે જે આપણને પ્રેમ કરે, આપણને સુખ આપે; પરંતુ તેની સાથે આપણે એવું વાણી, વર્તન અને વ્યવહાર કરતા હોઈએ છીએ કે જેનાથી તેમના હૃદયને દુઃખ પહોંચે છે અને તેની આપણને ખબર પણ હોતી નથી. વળી, ઉપરથી આપણે એવો ધોખો કરતા હોઈએ છીએ કે મને પ્રેમ મળતો નથી, માટે આપણે જે ઈચ્છતા હોઈએ એ આજુબાજુવાળાને આપવા લાગીએ એટલે તરત જ આપણને તેવું જ મળવા લાગશે.●●●



# લોઢું કાંઈ તરે..?

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એકવાર શ્રીજીમહારાજ લોયામાં પાતળિયે કૂવે બાવળિયા નીચે સભા કરીને વિરાજમાન હતા. એક બાજુ સંતો બેઠા હતા અને એક બાજુ મહારાજની સાથે રહેનારા પાર્ષદો–હરિભક્તો બેઠા હતા. મહારાજ વાતો કરી રહ્યા હતા. સંતો–ભક્તો બધા મહારાજની વાતો સાંભળવામાં મશગૂલ હતા. એ વખતે ત્યાં એક ગામનો ખેડુ આવીને સભાની પાછળ ઊભો રહ્યો. એના હાથમાં કડિયાળી લાકડી હતી. દાઢીએ લાકડીનો ટેકો દઈ એકીટસે સભાને જોવા લાગ્યો. ઘડીક મહારાજ સામું જુએ ઘડીક સભા સામું જુએ. મહારાજે અંતર્યામીપણે તેના અંતરનો આશય જાણી લીધો.

પછી મહારાજે તેને નજીક બોલાવ્યો ને પૂછ્યું, “પટેલ શું વિચારો છો ?” ત્યારે તે કહે, “એ મહારાજ ! આ તમારા સાધુ તો તરી જવાના, પણ આ તમારા હરિભગત એકેય તરવાના નથી.”

મહારાજ કહે, “પટેલ ! એમ કેમ બોલો છો ?” પટેલ કહે, “એના ધંધા અમે જાણીએ ને !” ત્યારે મહારાજ કહે, “તમને શેઢે સીમે કાંઈ ઘસારો આપ્યો ?” પટેલ કહે, “ઘસારો તો શું આપે ! પણ એના સ્વભાવની અમને ખબર હોય ને !”

મહારાજે મનમાં વિચાર્યું કે, આ હરિભક્તો બિચારા સંસારની અનેક વિટંબણાઓ હોવા છતાં રાત–દિ અમારા ભેળા ફરે છે. વળી અમારા સંતોની સેવા કરે છે, પણ આ પટેલને એનો મહિમા નથી; માટે એને વાત ગળે ઉતારવી પડશે.

પછી મહારાજે પટેલને કહ્યું, “પટેલ આ તમારા હાથમાં શું છે ?” પટેલ કહે, “મહારાજ, મારા હાથમાં તો પરોણો છે.” ત્યારે મહારાજ કહે, “એ પરોણો આ કૂવામાં નાંખો, જોઈએ પાણીમાં તરે છે કે નહિ ?” એટલે પટેલે તે પરોણો કૂવામાં નાંખ્યો, એ તરવા લાગ્યો. ત્યારે મહારાજ કહે, “પટેલ ! હવે બહાર કાઢો ને જુઓ એ પરોણામાં કાંઈ છે ?” ત્યારે પટેલ કહે, “માંહે તો લોઢાની આર છે.” ત્યારે મહારાજ કહે, “હવે તે આર કાઢીને એકલી એને પાણીમાં નાંખો, જોઈએ તરે છે કે નહિ ?” પટેલ કહે, “અરે મહારાજ ! લોઢું કાંઈ તરે ?”

ત્યારે મહારાજ કહે, “પટેલ, પરોણા સાથે લોઢાની આર જડેલી હતી તો પરોણાની સાથે એ તરી કે નહિ ?” પટેલ કહે, “પરોણા હારે જડેલી હોય તો તરે જ તો !”

ત્યારે મહારાજ કહે, “પટેલ, પરોણાની જગ્યાએ આ અમારા સંતો છે ને આરની જગ્યાએ આ અમારા હરિભક્તો છે. અને એ બધા સંતો સાથે જોડાયેલા છે, માટે એ તરવાના; જેમ તારા પરોણાએ આરને તારી તેમ.”

મહારાજની આ વાત પટેલને શીરાની જેમ ગળે ઊતરી ગઈ ને કહ્યું, “હે મહારાજ ! એ વાત તમે સાવ સાચી કરી.” પછી તે મહારાજને દંડવત કરી પગે લાગ્યો અને સંતો–ભક્તોને પણ પગે લાગ્યો.

વહાલા ભક્તો ! આપણે અલ્પ એવા જીવ ને મહારાજ તો બહુ મોટા, તે એમ કાંઈ હાથમાં આવે એવા નથી; પણ મહારાજને વહાલા એવા સંતો સાથે જો આપણે આપણા જીવને જડી રાખ્યો હશે, તો તેઓ જરૂર આપણને મહારાજ સુધી પહોંચાડી દેશે. આ વાત મહારાજે સારંગપુરના ૧૦મા વચનામૃતમાં પણ કહી છે કે, “સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ; જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ; તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંતસમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે.” ●●●




# બે પોટલીઓ

લેખક : સાધુ વર્ણિવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ભગવદીય ભક્ત યાત્રા કરીને તેમના ગામ તરફ પાછા જઈ રહ્યા હતા. પાછા આવતાં રસ્તામાં તેમને એક બીમાર સંત મળ્યા. તેઓ તે સંત સાથે બે દિવસ સુધી રોકાયા. અને તેમની સેવા–ચાકરી કરી તે સંતને ખૂબ રાજી કર્યા. પછી ત્યાંથી નીકળતા પહેલાં સંતની અનુમતિ માગવા ગયા. સંતને વંદન કરી વિનમ્રભાવે રજા માગી. તેમની સેવાથી રાજી થઈને સંતે તે ભક્તને એકસરખી બે પોટલી આપી અને જીવન ઉપયોગી એક ખૂબ સારી વાત કરી. તે વાત આપણા માટે પણ ખૂબ જ જીવનદોરીરૂપ છે.

સંતે કહ્યું, 'હંમેશાં આ પોટલીઓ તારી સાથે રાખજે. તેમાંથી આ એક હંમેશાં આગળની તરફ રાખજે અને આ બીજી પાછળ રાખજે. તું માત્ર આગળ રહેલી પોટલી પર નજર રાખજે, પાછળ રહેલી પોટલી તરફ તારે જોવાની પણ જરૂર નથી.'

પછી સંતે કહ્યા મુજબ તે ભક્ત પોતાની આગળ અને પાછળ તે બે પોટલીઓ લટકાવીને ચાલી નીકળ્યો. અને સંતે કહ્યું તેમ તે આગળવાળી પોટલી પર જ હંમેશાં પોતાની નજર રાખતો. થોડા સમય બાદ તેની ખૂબ પ્રગતિ થઈ. તે ખૂબ સુખી થયો. તેનું કારણ એ હતું કે તે બધાં જ કામ સંતના વચન પ્રમાણે જ આગળની પોટલી પર જ ધ્યાન રાખી કરતો.

એક દિવસ આ ભક્ત પોટલીઓ કિનારે મૂકી નદીમાં નહાવા ગયો અને પછી બહાર આવીને કપડાં પહેરી, ફરી પોટલીઓ લટકાવી ચાલવા લાગ્યો; પરંતુ આ વખતે તેનાથી ભૂલથી પોટલીઓની અદલાબદલી થઈ ગઈ. આગળની પોટલી પાછળ અને પાછળની પોટલી આગળ આવી ગઈ.

હવે અચાનક તેના જીવનમાં પરિવર્તન આવ્યું. તેનું જીવન દુઃખમય થઈ ગયું. તેને બધે જ ખામીઓ દેખાવા લાગી... ઘરના સભ્યો ઠીક નથી, વડીલો સમજતા નથી, આ સોસાયટીમાં બધા ખરાબ છે, સહુ મારી સાથે જ અન્યાય કરે છે, સરકાર બરાબર કામ કરતી નથી, સત્સંગમાં પણ મને કોઈ સમજતું નથી વગેરે...

બસ, હવે તે ભક્તને દુનિયાભરની ખામીઓ દેખાવા લાગી. આ યોગ્ય છે ને આ અયોગ્ય છે. આવું થવાનું કારણ એ હતું કે તે આગળ રહેલી પોટલી પર જ ધ્યાન આપી રહ્યો હતો. પોતાની ખામીઓ તો હવે તેને દેખાતી જ ન હતી.

આવા નેગેટિવ વિચારો સાથે તેને દુઃખ થતું, તેથી તેની પ્રગતિ અટકી ગઈ. હવે શું કરવું ? તે તેને કાંઈ સમજાયું નહિ, તેથી તે ભક્ત થાકી–હારીને પાછો તે સંત પાસે ગયો.

સંતે તેને સમજાવ્યું કે, "આ પોટલીઓ બદલાઈ ગઈ છે. તને મેં જે પોટલી આગળ રાખવાની કહી હતી તે પાછળ જતી રહી છે અને પાછળની પોટલી આગળ આવી ગઈ છે. આ બંને પોટલીઓમાં આગળ રહેલી પોટલીમાં પોતાની ખામીઓ હતી અને પાછળની તરફ રહેલી પોટલીમાં હતી દુનિયાની ખામીઓ..!

જ્યાં સુધી તું માત્ર તારી ખામીઓવાળી પોટલી પર નજર રાખતો હતો ત્યાં સુધી તું તેને સુધારીને આગળ વધી રહ્યો હતો, પણ જેવું તેં દુનિયાની ખામીઓ જોવાનું શરૂ કર્યું એટલે તારી બધી પ્રગતિ અટકી ગઈ. કારણ કે, તું જાતને સુધારી શકે છે દુનિયાને નહિ..! એટલે હવે મેં પોટલી બરાબર સ્થાને ગોઠવી દીધી છે; ધ્યાન રાખજે, માત્ર પોતાની ખામીઓ પર જ ધ્યાન આપજે અને તેને જ સુધારજે.

**દુનિયાની ખામીઓ પર ધ્યાન આપી તેને સુધારવાની તારે જરૂર નથી. બધા પોતાની ભૂલો અને ખામીઓ સુધારશે તો આપોઆપ દુનિયા સુંદર થઈ જશે. 'દુનિયાને સુધારવાથી નહિ, પણ ખુદ સુધરવાથી શાંતિ મળે છે.'** આમ સંતે તે ભક્તને ફરી સમજણ આપી.

ચાલો, આપણે પોતાનું વિચારીએ, હું મારી ભૂલોની પોટલી પર જ ધ્યાન આપું છું કે સામેવાળાની ?!!!

આ વાત આપણા ગુરુજી પણ કહે છે – દોહા :

**જ્ઞાન ઝીણામાં ઝીણી, સ્વખામી પર ખૂબી જ;**
**ગિરિ સમ માનશો તે દી, હરિને જશો પામી જ.**

આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે, 'હે પ્રભુ ! મને મારી જ ભૂલો, દોષો, સ્વભાવ, ખોટ–ખામીઓ ઓળખાવી ટળાવજો. અને આ સર્વે સંતો–ભક્તોના ગુણો જ દેખાય; પરંતુ ક્યારેય તેમનામાં દોષો, સ્વભાવ, ખોટ–ખામી ન દેખાય તેવી કૃપા કરજો...કૃપા કરજો...'



# महाजनो येन गतः स पन्थाः

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એકવાર ગુણાતીતાનંદ સ્વામી ગામ ઉપલેટે હતા. ત્યાં ગામ ભાયાવદરના પટેલ હંસરાજભાઈ તેડવા આવ્યા, તેથી સ્વામી તેમની સાથે ચાલ્યા. રસ્તામાં આહીર નારણભાઈનું ખેતર આવ્યું, ત્યારે નારણભાઈએ સ્વામીને વિનંતી કરી જે, "અમારા ખેતરમાં રાજગરાં ચીભડાં ઘણાં થયાં છે, તો તમે ઘડીક રોકાઓ ને ચીભડાં ઠાકોરજીને ધરાવીને તમે જમો ને સહુ સંતને જમાડો."

ત્યારે સ્વામી ત્યાં રોકાયા ને હરિભક્ત ચીભડાં વીણીને લાવ્યા. સ્વામીએ ચીભડાં સુધારીને ઠાકોરજીને ધરાવ્યાં. પછી સ્વામી અને સહુ સંત ચીભડાં જમવા લાગ્યા. સ્વામી જમતા જાય ને પ્રસાદી સંતો અને હરિભક્તોને આપતાં જાય ને કેટલીક વાતો કરતા જાય.

તે વખતે સ્વામી પાસે બે લોટિયા અર્થાત્ જમવા સમયે માત્ર લોટને પાણીમાં પલાળીને પીનારા સાધુ બેઠા હતા, તે બોલવા માંડ્યા જે, "અરે ! સ્વામી તો જુઓ સંસારના વ્યવહારની વાતો કરતા જાય છે ને ચીભડાં ખાય છે, ને પ્રસાદી દેતા જાય છે." એમ અવગુણ લે ને સામસામી વાતો કરે, તે સાંભળીને સ્વામીએ તેમને ઠપકો દીધો જે, "તમારા ત્યાગનું અથાણું નહિ થાય ને અમારે માથે તો મંદિરનો વ્યવહાર છે; તે પૂછવું પડે ને ચીભડાં તો જૂનાગઢ મોકલવાં છે."

વહાલા ભક્તો ! સંસાર વિચિત્ર છે, વ્યવહાર અટપટો છે, સત્સંગ ગૂઢ છે; ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના સાચા સ્વરૂપને સમજવું બહુ કઠિન છે; માટે તેમાં આપણે આપણી ખુદની સમજણ પ્રમાણે કરવા જઈએ તો આપણે પણ તે લોટિયા સાધુ જેવું કરીએ ને મોટાના કુરાજીપાના પાત્ર થઈએ. સંસાર–વ્યવહારમાં અને સત્સંગમાં ક્યારેક એવા વિચિત્ર પ્રસંગો અને પ્રશ્નો ઊભા થતા હોય છે કે ત્યારે શું કરવું અને કેવી રીતે કરવું ? તે નક્કી કરવું ઘણું મુશ્કેલ થઈ જાય છે. કોઈ એક આજ્ઞા કે વચનનું પાલન કરવા જઈએ તો બીજી કોઈ આજ્ઞા કે વચન ગૌણ થાય અથવા તેનો ભંગ થાય; આવું થાય ત્યારે શું કરવું ? શાસ્ત્રમાં કહેલ કોઈ ધર્મનું પાલન કરવામાં અલગ અલગ મત થતા હોય કે કોઈ રીત–રિવાજને અનુસરવામાં અલગ અલગ મત થતા હોય ત્યારે શું કરવું ? ત્યારે ખરેખર ભગવાનને શું માન્ય હશે કે ગમતું હશે ? આ બાબતમાં મહાભારતમાં યુધિષ્ઠિર રાજા કહે છે કે,

तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना नैको ऋषिर्यस्य मतं प्रमाणम्।
धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः।।

ધર્મ, નિયમ, રીત, રિવાજ વગેરે બાબતમાં કોઈ તર્ક કે મત સ્થિર નથી, કોઈ ઋષિ એવા નથી કે તેમનો મત પ્રમાણભૂત ગણાતો હોય, માટે ધર્મનું તત્ત્વ તો અત્યંત ગૂઢ છે, માટે તે બાબતમાં તો **જે તે સમયના કોઈ ભગવદ્અનુભવી મોટા સંત કે ભક્ત જેમ કરતા હોય અથવા જેમ કહેતા હોય તેમ કરવું એ જ સાચો ધર્મમાર્ગ છે; એમ કરવામાં જ સૌનું કલ્યાણ રહેલ છે. કારણ કે, ભગવદ્અનુભવી મોટા સંત કે ભક્ત રાગ–દ્વેષ, માન–અપમાન વગેરે દ્વંદ્વોથી પર અને ભગવાનની નજીક હોવાથી ભગવાનની મરજીને યથાર્થ સમજી શકે છે.** એટલે જ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કહેલ છે કે,


**સંત હું ને હું તો વળી સંત રે,**
**એમ શ્રીમુખે કહે ભગવંત રે;**
**સંત જાણજો મારી મૂરતિ રે,**
**એમાં ફેર નથી એક રતી રે.**

વળી, શ્રીમદ્ભાગવત જેવા પ્રસિદ્ધ મહાપુરાણમાં કહેલ છે કે,

**साधवो हृदयं मह्यं साधूनां हृदयं ह्ययम्।**
**मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि।।**

માટે ધર્મ–નિયમાદિકના આચરણની બાબતમાં અને સમજણની બાબતમાં વર્તમાન સમયમાં જે કોઈ મોટા સંત કે ભક્ત હોય તેમના માર્ગદર્શન મુજબ કરવું, એ જ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. ●●●

# Pleasure Loop




આધ્યાત્મિક વિજ્ઞાન

# પ્લેઝર લૂપ


લેખક : સાધુ ચિત્સાગરદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વિશાલ નામનો એક યુવક તેમના સંચાલક સુરેશભાઈને પોતાના જીવનની વાત કરતો હતો. "સર, હું મોબાઈલનો ઉપયોગ કરીને સાઇડમાં ફોન રાખીને મારા ઓફિસના વર્કમાં કે બીજા કાંઈ કામ માટે દૂર જાવ અને થોડું કામ કરું કે મનમાં ફોન લેવાનું મન થાય. કાંઈ કામ ન હોય તોય ૫-૧૦ મિનિટમાં જ ફોન ફરીથી હાથમાં આવી જાય. મોબાઈલમાં થોડો સમય વીતાવ્યા પછી મન ખુશ થઈ જાય. મનને ખુશી મળી ગયા પછી ફોન મૂકી દઈએ. ફરીથી ૫ મિનિટમાં ફોનમાં નવું નવું જોવાનું મન થાય. અને જો ફોન ન લઉં તો મન વ્યાકુળ-બેચેન થઈ જાય; આવું કેમ થતું હશે ?" આવું કદાચ વિશાલ પૂરતું જ નથી, ઘણા ભક્તોને પણ આવું થતું હશે.

સાવ સામાન્ય જણાતી આ પ્રવૃત્તિ ખૂબ જ ખતરનાક છે, જેને પ્લેઝર લૂપ તરીકે ઓળખવામાં આવે છે. સોશિયલ મિડિયા, અમુક એપ્લિકેશનો અને વેબસાઇટના બેકગ્રાઉન્ડમાં હજારો ઈજનેરો અને સાઈકોલોજિસ્ટ આપણને આ પ્લેઝર લૂપમાં રાખવા માટે નવી નવી તકનીકો એપ્લિકેશનમાં આપતા હોય છે; જેથી આપણે તેના બંધાણી થઈ જઈએ.

પ્લેઝર લૂપની પાછળ સૌથી અગત્યનો ભાગ ભજવનાર તત્ત્વ હોય તો એ છે ડોપામાઈન. જેને હેવી હોરમોન્સ પણ કહે છે.

## : Dopamine :





જ્યારે આપણે એકાંત કે ઉદાસીમાં હોઈએ ત્યારે મન સુખ માટે કાંઈક ઈચ્છા કરે, તેના વિચારથી મજા આવે, તેથી તે પ્રવૃત્તિ કરવાનું મન થાય. પછી તે યોગ્ય કે અયોગ્ય પ્રવૃત્તિ કરીએ તેના ફળરૂપે (Reward) મગજ આપણને સંતોષની આનંદદાયી ફીલિંગ આપે છે અને ત્યારે મગજ ડોપામાઈન રીલીઝ કરે છે. જેનાથી મનમાં એ કરવાનું વારંવાર મન થયા કરે છે. આ રીતે માઈન્ડમાં પ્લેઝર લૂપ બને છે, જે વારંવાર તે ક્રિયા કરવા પ્રેરે છે.

યુવા અવસ્થામાં માવા, ગુટકા, દારૂ, મોબાઈલનો ઓવર ઉપયોગ, ખરાબ જોવાની આદત, વ્યભિચાર, હોટલનું ખાવાનું વગેરે ખરાબ આદતો કરવાથી મગજમાં ડોપામાઈન રીલીઝ થાય છે, અને મેં કાંઈક મેળવી લીધું છે, મને સંતોષ થયો છે.

(Sense of Achievement and Sense of Satisfaction) આવી ફીલિંગ આવે છે. આ બધું ખૂબ જલ્દી થતું હોય છે, આ આનંદદાયી સ્ટેજમાં આપણને **આપણો ધંધો-વ્યવહાર, ફેમિલીની જવાબદારી કે ભગવાનની આજ્ઞા લોપ્યાનો ડર રહેતો નથી અને એ ખરાબ આદતોનો નશો થઈ જાય અને પછી એની વારંવાર ઈચ્છા થયા કરે છે;** આ જ પ્લેઝર લૂપની માયા છે.

## : પ્લેઝર લૂપ તોડવાના ઉપાયો :

જે આદતો વધુ આનંદ આપે છે તેવી ખાવા-પીવાની, સોશિયલ મિડિયા, નેટફ્લીક્સ, યુ ટ્યુબની અમુક ચેનલ, વેબસાઈટ વગેરેનું લિસ્ટ કરવું અને એ આદતને ક્રમશઃ ૭ દિવસ માટે બંધ કરવી. પછી ૨૧ દિવસ, એક મહિનો, છ મહિના અને એક વર્ષ એમ ધીરેધીરે તેનો ઉપવાસ કરવો. આમ લૂપ તૂટતાં ખરાબ ટેવ બંધ થઈ જશે.




લાંબા સમયના ધ્યેય અને અંતે મળનાર મોટા સુખ સામી દૃષ્ટિ રાખીએ તો તુચ્છ સુખો છોડવાં સહેલાં બને છે. જેમ કોઈ રમતવીર, સ્કોલર વિદ્યાર્થી, ખરા ખપવાળા સંતો-ભક્તો હોય તે અંતિમ મંજીલ માટે અને મોટા સુખ માટે જગતના સુખોને સરળતાથી છોડી શકે છે.




## પ્લેઝર લૂપનો આધ્યાત્મિક સવળો ઉપયોગ :

### : Novelty :

જેમાંથી આપણને રોજ કાંઈક નવું નવું મળે અથવા પ્રોત્સાહન મળે અથવા સ્ટ્રેસ દૂર થાય તેવું વધુ ગમે છે અને તેનાથી પ્લેઝર લૂપ થાય છે.

એ જ રીતે આપણે ભજન-ભક્તિમાં પ્લેઝર લૂપ બનાવી દઈએ તો ! રોજ કાંઈક નવીનતા લાવીએ તો અંદરથી આનંદ-ઉત્સાહ-ભાવ વધે અને એ કરવાનું રોજ મન થાય.



જેમ રોજની એકસરખી માનસી, પૂજા કે નિયમ-ચેષ્ટા વગેરે મોનોટોનસ(નીરસ) થઈ જાય છે, પરંતુ તેમાં વિવિધતા લાવીએ તો વધુ મજા આવે. દા.ત. રજા હોય ત્યારે એવું વિચારીએ કે આજે શાંતિથી કલાક અગાસીમાં પૂજા કરવી છે, આજે મહારાજનો અભિષેક કરવો છે, નવા વાઘા પહેરાવી ઘનશ્યામ મહારાજની સેવા કરવી છે. એ જ રીતે માનસી પૂજાને પણ રૂટિન ન બનાવતાં ક્યારેક બોલીને, ક્યારેક નેચરલ વાતાવરણમાં, ક્યારેક ધૂન સાથે, ક્યારેક કોઈકની સાથે બેસીને, ક્યારેક ઘનશ્યામ મહારાજની પ્રેક્ટિકલ સેવા કરીને માનસી કરવી, વચનામૃત ગ.અંત્ય-૨૩ પ્રમાણે નૂતનતા લાવવાથી શ્રદ્ધા-આનંદ વધે છે. અને જેમાંથી આનંદ આવે એવું કામ વારંવાર કરવાનું મન થાય અને એ પ્લેઝર લૂપમાં બદલાય જાય.

એ જ રીતે ધ્યાન, કથાશ્રવણ, સ્મરણ વગેરેમાં નૂતનતા આવે, આનંદ આવે, પ્રોત્સાહન મળે એ રીતે કરીએ તો ભજનના પ્લેઝર લૂપમાં આવી જવાય. પછી એ કર્યા વિના ચાલે જ નહીં એવું બંધાણ થઈ જાય. અને આ જન્મે આપણે એ જ કરવાનું છે.

આમ, ભગવાને બનાવેલ માઈન્ડની પ્લેઝર લૂપ સિસ્ટમનો ઉપયોગ કરી ભગવાન પામવાનો વેગ વધારી શકાય છે. ●●●



# ગુણ આવવાનું દ્વાર : "ગુણિયલનો સ્વીકાર"



લેખક : સાધુ સંકીર્તનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

જો કોઈને ખ્યાલ આવે કે મારા ગામના દુકાનદારો બાજુના શહેરમાંથી સસ્તી કેરી જથ્થાબંધ લાવી ૧૫ રૂપિયે કિલો વેચે છે; તેથી સસ્તુ લેવાની આશાએ જો તે માણસ પોતાના ગામની ૧૦ દુકાનો છોડી, ૧૦ રૂપિયા ભાડું ખર્ચી, ૧૫ રૂપિયાની ફક્ત કિલો કેરી શહેરમાંથી લાવે તો આપણે સહુ તેને મૂરખ જ માનીએ, પણ આવી જ મૂર્ખતા આધ્યાત્મિક માર્ગમાં આપણે પણ અજ્ઞાનવશાત્ ખૂબ કરીએ છીએ.

આપણે જાણીએ છીએ કે, મારે રાજીપો લેવા, આગળ વધવા જે ગુણો કે સમજણ જરૂરી છે તે આ સંત–ભક્તમાં ખૂબ જ સહજ છે; છતાં તેમની પાસેથી તે ગુણ કે સમજણ મેળવવાને બદલે આપણે ઘણા બધા મનઘડંત પ્રયાસો કરીએ છીએ. પરિણામે વર્ષોથી સત્સંગ કરવા છતાં દોષોની પીડા શમતી નથી કે ભગવાન તરફ આગળ વધાતું હોય તેવું પણ લાગતું નથી. કારણ..! તે વ્યક્તિના આવા મોટા ગુણોને છોડી આપણે તેની ૧% જેટલી નબળાઈ પણ માઈક્રોસ્કોપ મૂકી મોટી કલ્પીએ છીએ. તેથી વચ.ગ.પ્ર.૭૮માં શૂન્યાતીતાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તર મુજબ અસદ્ભાસનાની વૃદ્ધિ થતાં વર્ષો પછી પણ પ્રગતિ થતી નથી. ખરેખર તો સદ્.પ્રેમાનંદ સ્વામીએ ધ્યાનમંજરીમાં લખ્યું છે કે,

**परगुन अनु पर्बत करी माने,**

**निज गुन गिरी सम अनु करी जाने.**

આ મુજબ જો કોઈમાં ૧% જ સદ્ગુણ દેખાય તેને મોટો કરી પ્રભાવિત થઈએ તો આપણે સદ્ગુણોથી ભરાઈ જઈએ.

પણ જ્યારે આપણને કોઈનો સદ્ગુણ દેખાય ત્યારે વિચારીએ છીએ કે, હા તેમનામાં આ ગુણ સારો છે પણ આ જરાક નબળાઈ ખરી... જે મારામાં નથી અથવા તો તેમનામાં આ સારું છે તો મારામાં પણ આ સારું છે. આ **સ્વશ્રેષ્ઠતાનું તાળું જ સદ્ગુણોના પ્રવેશનો દ્વાર બંધ કરી નાંખે છે. અને જેની–તેની સાથે ઈર્ષ્યા કરાવે છે.**

નારદજીને ખ્યાલ જ હતો કે તુંબરુંમાં કાંઈક વિશેષ છે, જેનાથી પ્રભુ ખૂબ રાજી છે. તે ખ્યાલ આવતાં જ તુંબરુંના ગુણનો સ્વીકાર કરી તેમની પાસે તે ટ્રીક શીખી લીધી હોત તો જીવનનો સાત મન્વંતર જેટલો લાંબો સમય બગડ્યો ન હોત..! છેવટે તેમને થાકીને તુંબરુંના શરણે તો જાવું જ પડ્યું. આમ, આપણે પણ કોઈનાથી નાના ગણાવવાની બીકે સ્વશ્રેષ્ઠતા છોડી તેમના સદ્ગુણોથી પ્રભાવિત થઈ શકતા નથી. પરિણામે આપણે જ તેટલા ઉણા રહીએ છીએ. **'એમના જેવા થવાનું છોડી જો એમના થઈ જઈએ, તો ટૂંક સમયમાં આગળ વધી જઈએ.'**

ખરેખર ગુણમાત્ર ભગવાનના છે. કોઈના ગુણોનો અસ્વીકાર તે ભગવાનનો જ અસ્વીકાર છે. ભગવાન સર્વને તેમના ગુણો આપી સુખી કરવા ઇચ્છે છે, પણ કોઈ ને કોઈ સંત–ભક્ત દ્વારા..!! જ્યાં સુધી આપણે જ સ્વશ્રેષ્ઠતાનું તાળું મારી સદ્ગુણો હોવાનો દેખાવ કરીએ છીએ ત્યાં સુધી અંતર્યામી કોઈને તે વાતની હા પડવા દેતા નથી; પરંતુ જ્યારે આપણે સ્વયં તે તાળું તોડી, અહં છોડી, દિલથી કોઈની મહાનતાનો સ્વીકાર કરીએ છીએ ત્યારે અંતર્યામી પરમાત્મા જ આપણામાં તે સદ્ગુણોનાં દ્વાર ખુલ્લાં કરે છે. ●●●

# રાજીપાનું રહસ્ય



લેખક : સાધુ અન્વયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગામમાં એક સંત પોતાના શિષ્યમંડળ સાથે આશ્રમમાં રહેતા હતા. તેમને ઘણા શિષ્યો હતા. તેઓ હંમેશાં ગુરુજીની આજ્ઞા પ્રમાણે જ રહેતા. તેમનું જીવન તપ, ભજનપરાયણ હતું. બધા શાસ્ત્રમાં કહેલા નિયમો વ્યવસ્થિત પાળતા હતા. કોઈને નિયમ પાળવામાં આગ્રહ કરવાની જરૂર પડતી નહીં. સૌ પોતાના ખપથી સત્સંગ-ભજનપરાયણ રહેતા.

એવામાં એકાદશીનો દિવસ આવ્યો. સહુએ એકાદશીના પવિત્ર દિવસે ઉપવાસ કરી પ્રભુને રાજી કરવાનું નક્કી કર્યું. બધા આનંદથી ઉપવાસ કરી ભજનપરાયણ દિવસ પસાર કરતા હતા. કોઈ ભજન કરતા, કોઈ ભગવાનના મંદિરમાં જઈ માળા કરતા, કોઈ ભગવાનની પૂજા માટે તથા હાર માટે ફૂલ વીણતા. વળી, કોઈ બીજા સંતો સાથે સત્સંગ-ગોષ્ઠી કરતા, કોઈ શાસ્ત્ર વાંચન કરતા, તો કોઈ ધૂન-કીર્તન કરીને પ્રભુને રાજી કરતા.

ગુરુજી આ બધાને પ્રોત્સાહન આપવા બધા પાસે જઈને તેમને કાંઈ ને કાંઈ મદદ કરતા, રાજીપો વ્યક્ત કરતા. બધાને મળતાં મળતાં તેઓ રસોડામાં પહોંચ્યા, ત્યાં તો તેમણે એક આશ્ચર્ય જોયું. એક શિષ્ય રસોઈઘરમાં એકલો બેઠો બેઠો કાંઈક સ્વાદિષ્ટ વાનગી જમતો હતો. ગુરુ ત્યાં જઈને શાંત ચિત્તે તેની સામે ઊભા રહ્યા. શિષ્ય પણ ગુરુજીની સામે જોઈ રહ્યો.

ગુરુએ હસતાં હસતાં પૂછ્યું, "બેટા ! તને ખ્યાલ છે આજે એકાદશી છે ?" "હા ગુરુજી." શિષ્યએ અચકાયા વિના જવાબ આપ્યો. "તો પછી તને બહુ ભૂખ લાગી હશે." "ના ગુરુજી." શિષ્યએ જવાબ આપ્યો. ગુરુએ ફરી એક વખત અટકળ કરી. "તો પછી કદાચ તું બીમાર હશે." શિષ્યએ વળતો જવાબ આપ્યો, "ના ગુરુજી મારી તબિયત બહુ સારી છે. આપની કૃપાથી બે ઉપવાસ કરવા હોય તોપણ કરી શકુ એવી તંદુરસ્તી છે." "તો પછી તું આજે વ્રતના દિવસે અનાજ કેમ...?" આટલું બોલતાં ગુરુ થોડા અચકાયા. શિષ્યએ તરત જવાબ આપ્યો, "ગુરુજી આ મને બહુ ભાવે છે, માટે જમ્યા વગર મારાથી રહેવાયું નહીં."

વહાલા ભક્તો ! જરા અહીં વિચારીએ, આટલું સાંભળીને ગુરુને શું અસર થઈ હશે ? ગુરુએ તે શિષ્યને શું કહ્યું હશે ? ગુરુ એ શિષ્યને વઢ્યા કે દંડ આપ્યો હશે ? એ જગ્યાએ આપણે હોઈએ તો શું કરીએ ? આવા પવિત્ર તપ-ભજનપરાયણ મંડળમાં રહીને પણ કોઈ આવો અધર્મ કરે તો નારાજગી તો થાય, થોડા ગુસ્સે થઈને શિષ્યને ઠપકો આપે એ સ્વાભાવિક છે; પણ અહીં તો અવળી ગંગા ચાલી. ગુરુજી તે શિષ્ય પર બહુ પ્રસન્ન થયા. તેને માથે હાથ મૂકી ભેટી પડ્યા. સવાલ થાય છે ને શા માટે ?

વહાલા ભક્તો ! આવા સ્વાદ દોષને વશ થઈને તે નિયમ ભંગ કરતો હોવા છતાં શિષ્યની નિખાલસતા જોઈને ગુરુજી તેના પર રાજી થયા. કેમ કે, એ સદ્ગુરુ સારી રીતે સમજતા હતા કે બધા દોષો કરતા દંભ-કપટ બહુ ભયંકર દોષ છે. **દોષો જીતવા ત્યારે જ કઠણ પડે છે જ્યારે આપણે આપણા સદ્ગુરુને નિખાલસપણે આપણી નબળાઈને રજૂ નથી કરતા.** જો આપણે જેમ છે તેમ આપણા ગુરુજીને અથવા એવા મોટા ગુરુજનોને આપણી નબળાઈને જેમ છે તેમ જણાવી દઈએ તો તેમના આશીર્વાદથી તે ટળતા જરા પણ વાર લાગતી નથી. માટે ચાલો, આપણે પણ નક્કી કરીએ કે આપણા જીવનમાં નાની કે મોટી ભૂલ થઈ હોય કે પાપ થઈ જાય તો તેને આપણા ગુરુજી કે મોટા ગુરુજનોને જણાવવામાં સ્વબચાવ જેવી રમત કે કપટ નહિ કરીએ. પેલા શિષ્યની જેમ જે સાચું કારણ હોય તે જ જણાવી દઈશું તો તેઓ આપણને એ ભૂલરૂપી કૂવામાંથી જરૂર બચાવી લેશે... ●●●



सत्संगनी दिव्यता

# પાર્વતીબાનું મચકણિયું

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વ્રજલાલ શેઠ દશા શ્રીમાળી વાણિયા વડોદરામાં રહેતા હતા. તેમને પાર્વતી નામે દીકરી ઉત્તમ સત્સંગી હતી. તેને સમાધિ થતી, પણ તેના સસરાના ઘરે કોઈને સત્સંગ ન હતો; તેથી પાર્વતીને મહેણાં મારી સત્સંગની નિંદા કરી સંતાપતાં હતાં. પછી એક સમયે વડોદરાથી ગોકુળ, મથુરા યાત્રાસંઘ જઈ રહ્યો હતો. પાર્વતીબાઈનાં સાસુ આદિક તેમની સાથે જાત્રાએ જવા તૈયાર થયાં અને પાર્વતીને કહ્યું કે, "તું તો સ્વામિનારાયણની સત્સંગી છો, તેથી તને જાત્રાએ નહિ તેડી જઈએ અને તને જમુનામાં સ્નાન નહિ કરાવીએ."

ત્યારે પાર્વતીએ કહ્યું કે, "બહુ સારું. તમે મને ગોકુળ, મથુરા નહિ તેડી જાઓ અને સ્નાન નહિ કરાવો, પરંતુ મારા પિતાજી ગઢડે જાત્રાએ જવાના છે, તે મને ત્યાં તેડી જશે. ત્યાં ઘેલા નદીમાં હું સ્નાન કરીશ એટલે મારે તો બધાં તીર્થમાં સ્નાન થયું. કેમ જે, પ્રત્યક્ષ ભગવાને એમાં ઘણાં વર્ષ સુધી હજારો સંત-હરિભક્તો સહિત સ્નાન કરી ઘણી વાર જળક્રીડા કરી છે. તેના અતિ અપાર આનંદથી એ નદી હર્ષઘેલી થઈ ગઈ છે. તે ઉન્મત્તગંગાના સ્પર્શથી પશુ તથા એના ઉપર થઈને ઊડીને જતાં પક્ષીઓ પણ દેહ મૂક્યા પછી વિમાનમાં બેસી સ્વર્ગલોકમાં જાય છે. "

ત્યારે એની સાસુ મોઢું મચકોડીને બોલી કે, "જા, જજે. તારી ઘેલી નદીમાં નાહીને, ઘેલી થઈને, માથે હાથ દઈને રડજે." ત્યારે પાર્વતી કહે, "તમે જમનાજીમાં નાહીને, માથે હાથ દઈને રડજો. હું શીદ રડું ? હું તો પ્રગટ ભગવાનનું ભજન કરીશ." પછી પાર્વતીનાં સાસુ-સસરા વિગેરે ઘરનાં બધાં જાત્રાએ ગયાં. ખરા મોતીનું અઢીસેં રૂપિયાની કિંમતનું કાનનું મચકણિયું પાર્વતીને તેના બાપે આપેલું હતું, તે પાર્વતીનાં ઘરેણાંના દાબડામાં હતું; પણ તે પાર્વતી ન જાણે એમ જતી વખતે એની સાસુએ છાનું લઈ લીધું. તે જાત્રાએ ગઈ ત્યાં કાનમાં પહેરતી હતી. ત્યારપછી કેટલાક દિવસે વ્રજલાલભાઈએ ગઢડે જવા સંઘ કાઢ્યો, તેમની સાથે પાર્વતી ગઢડે ગઈ.

હવે મથુરા ગયેલી એની સાસુ એકાદશીને દિવસે સવારમાં પાંચ-સાત બાઈઓની સાથે જમુનાજીમાં નહાવા ગઈ. તેમાં નહાતાં નહાતાં પેલું કાનમાં પહેરેલું મચકણિયું હાથની ઝપટ લાગવાથી પાણીમાં ડબ લઈને પડી ગયું. તે જોઈ, "હાય હાય ! મારું મચકણિયું પાણીમાં પડી ગયું રે !" એમ કહી, પછી એણે તથા બીજી બાઈઓએ મળી ઘણું ખોળ્યું, પણ ઊંડા પાણીમાં ક્યાંય તણાઈ ગયું; તે શાનો પત્તો લાગે ! પછી ખોળી થાકીને, માથે હાથ દઈને રોવા લાગી. "હાય હાય ! તે મચકણિયું તો પાર્વતીનું હતું. તેનાથી છાની રીતે હું પહેરવા લાવી હતી. હવે એના બાપને હું શો જવાબ દઈશ ? હાય હાય ! હવે મારે અઢીસેં રૂપિયાનો ખર્ચ થશે." એમ કહી માથે હાથ દઈને રડવા લાગી.

આ બાજુ ગઢડે ગયા પછી પાર્વતી પણ કેટલીક બાઈઓ સાથે ઘેલા નદીમાં નહાવા ગઈ. ત્યાં ખળખળિયામાં જળના પ્રવાહમાં બેસીને નહાતાં નહાતાં બધાં તીર્થ સંભારી અતિ પ્રેમમાં બે હાથની પોશો

ભરીને જળ પોતાને માથે રેડવા માંડ્યું અને બોલવા માંડ્યું, "આ ગંગાસ્નાન કર્યું, આ સરસ્વતી, આ રેવા, આ જમુના." એવું નામ લેતામાં પાણીની પોશ ભરીને માથે રેડે છે કે તરત તેમાં પેલું મચકણિયું પાર્વતીએ દીઠું કે, "આ તો મારું મચકણિયું છે." એમ એણે ઓળખ્યું. તેથી અતિ આશ્ચર્ય પામી કહેવા લાગી કે, "આ તો મારાં ઘરેણાંના દાબડામાં મૂકેલું હતું. હું તો અહીં લાવી નથી ને આ જળના પ્રવાહમાં, જમુના નદીનું નામ લેતાં મારી પોશમાં ક્યાંથી આવ્યું ? ને કેમ થયું ? તે તો મહારાજ જાણે !" પછી સ્નાન કરીને રસ્તામાં આવતાં શ્રીહરિને સંભારી, "ઓ મહાપ્રભુ ! આ મારું મચકણિયું અહીં શી રીતે આવ્યું હશે !" એમ પ્રાર્થના કરતી શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને બાઈઓ સાથે દરબારમાં મોટીબાનાં દર્શન કરવા ગઈ; ત્યાં પગે લાગીને બેઠી.

ત્યારે મોટીબાએ પૂછ્યું કે, "પાર્વતી ! તારા બાપ તો મોટા મુક્ત છે ને તું પણ શ્રીહરિને વિશે અતિ હેતવાળી છે; તેથી સત્સંગ માથા સાટે રાખે છે; પણ તારાં સાસરિયાં કોઈ સત્સંગી નથી, ખરું ?" પછી બીજી બાઈઓ એની સાથે આવ્યાં હતાં તે બોલ્યાં કે, "મોટીબા ! એ તો બહુ સારી સત્સંગી છે, પણ એનાં સાસરિયામાં તો કોઈને સત્સંગ નથી, તેથી એને ઘણું સંતાપે છે; તોપણ એ પાર્વતી તેમને કંઈ શ્રીહરિના પ્રતાપની વાતો કરીને સત્સંગી કરતી નથી." પછી મોટીબા હસીને બોલ્યાં કે, "પાર્વતી તો સત્સંગી કરશે જ, પણ પાર્વતીના કાને પહેરેલું આ જે મોતીનું મચકણિયું છે; તે પણ એનાં બધાં સાસરિયાંને સત્સંગી કરશે. કેમ કે, પ્રત્યક્ષ ભગવાનનું મહાતીર્થ આ ઉન્મત્તગંગા છે, તેમાં તે મચકણિયું નાહ્યું છે; માટે એ જડ છે તોપણ મોટા મુનિ તુલ્ય છે. એનાં દર્શન કરી પાપી પણ પવિત્ર થશે ને નિંદા કરનાર પણ સત્સંગી થશે."

આવું સાંભળી પાર્વતી સહિત બધી બાઈઓ અતિ વિસ્મય થયાં અને પાર્વતીને કહ્યું કે, "તું તારે ઘેર ગયા પછી તારાં સાસરિયાં જાત્રાથી આવે ત્યારે આ મચકણિયું દેખાડજે, તેથી સર્વે એનાં દર્શન કરી માહાત્મ્ય જાણશે અને સર્વે સત્સંગી થશે." પછી ગઢપુરથી વ્રજલાલ શેઠ સર્વે સંઘ સહિત જૂનાગઢ તથા પંચતીર્થની જાત્રા કરી વડોદરે આવ્યા. ત્યારપછી થોડા દિવસે પાર્વતીનાં સાસરિયાં પણ ગોકુળ, મથુરાની જાત્રા કરીને આવ્યાં. ત્યારે પાર્વતીએ પોતાનાં સાસુને કહ્યું કે, "મારાં ઘરેણાંનો દાબડો મેં તમને પટારામાં મૂકવા આપ્યો છે તે કાઢી આપો." પછી એની સાસુએ તે કાઢી આપ્યો, ત્યારે તે ઉઘાડીને જોયું તો તેમાં મચકણિયું દીઠું નહીં. તેથી પાર્વતીએ કહ્યું કે, "મેં તમારા દેખતાં બધું ઘરેણું દાબડામાં મૂકીને સોંપ્યું હતું, તેમાંથી મારું મચકણિયું ક્યાં ગયું ?" પછી તેની સાસુએ માન્યું ને કહ્યું કે, "હું જાત્રા ગઈ ત્યાં મારે પહેરવા લઈ ગઈ હતી. તે જમનાજીમાં નાહતાં નાહતાં મારા હાથની ઝપટથી ઊંડા પાણીમાં નીકળી પડ્યું. તે ઘણું ખોળ્યું પણ જડ્યું નહીં. પછી માથે હાથ મૂકીને રડી. હવે એ વાત તારા બાપને કહીશ નહીં. હું તને બીજાં મોતી વેચાતાં લઈને એના જેવું જ મચકણિયું કરાવી આપીશ."

પછી પાર્વતીએ પૂછ્યું કે, "તમે જમુનાજીમાં નહાતાં મચકણિયું ખોયું, તે દિવસ શી તિથિ હતી ?" તો કહે, "એકાદશીને દિવસ સવારમાં." પછી પાર્વતી બોલી કે, "એ જ દિવસે સવારમાં હું પણ ઘેલા નદીમાં નહાતી હતી. ત્યાં બધાં તીર્થ સંભારતાં જ્યારે જમુનાજીને સંભારી માથે જળ રેડવાની પોશ ભરી કે, તેમાં એ મચકણિયું મેં તરત દીઠું. તે જુઓ, આ રહ્યું !" એમ કહી તે દેખાડ્યું. તે જોઈ એમની સાસુ તથા બધાં સગાં અતિ આશ્ચર્ય પામ્યાં ને એ મચકણિયાને ઓળખીને પગે લાગીને બોલ્યાં કે, "બાઈ, તારી પ્રેમભક્તિ ખરી છે અને સ્વામિનારાયણ ભગવાન છે; એમ અમે નિશ્ચે જાણ્યા. કેમ જે, મારાથી જમુનાજીમાં ખોવાયું તે જ આ મચકણિયું તારી પાસે છે. ઓહોહો ! ક્યાં ગોકુળ-મથુરા ને ક્યાં ગઢડા !! ક્યાં જમુનાજી ને ક્યાં ઉન્મત્તગંગા !! હજાર ગાઉનું છેટું છે. ધન્ય છે સ્વામિનારાયણ ભગવાનને ! ને ધન્ય છે એ મહાતીર્થ ઉન્મત્તગંગા ને ! અને ધન્ય છે બાઈ તારા પવિત્ર પાર્વતી નામ ને ! તેં તો અતિ પ્રેમથી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ વડે અમારી એકોતેર પેઢી તારી." એમ કહી પાર્વતીને તથા મચકણિયાને પગે લાગીને પાર્વતીનાં સાસરિયાં બધાં આશ્ચર્ય પામી સત્સંગી થયાં. અને પાર્વતીની સાથે નિત્ય મંદિરમાં દર્શન કરવા આવતાં ને પ્રગટ ભગવાનનું ભજન કરવા માંડ્યું ને પાર્વતીનો ઘણો મહિમા જાણ્યો ને ફરીથી પાર્વતીની સાથે એનાં સાસરિયાં સર્વે શ્રીગઢપુરની જાત્રા કરવા ગયાં હતાં. ●●●



# પ્રતિકૂળતામાં પ્રગતિ...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

બે દિવસ પહેલાં રીઝલ્ટ બહાર પડ્યું. ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષામાં દિવ્ય બે સબજેક્ટમાં ફેલ થયો. એકમાં ૨૪ અને બીજામાં ૨૯ માર્કર્સ; પણ આશ્ચર્યની વાત તો એ હતી કે, દિવ્યનું વર્તન અન્ય નાપાસ થયેલ વિદ્યાર્થીઓથી તદ્ન નોખું હતું. આવો બનાવ બની ગયા છતાં તેનું મુખ જરા પણ કરમાયેલું નહોતું દેખાતું. જાણે કાંઈ બન્યું જ ન હોય ! એમ તે આનંદમાં હતો. નિર્મિત, આલાપ, આતિથ્ય, રવિ વગેરે તેના કેટલાક મિત્રોને થયું કે દિવ્ય મોઢા ઉપર કાંઈ દેખાવા નથી દેતો પણ... તેના અંતરમા તો ઉદ્વેગ-ટેન્શન ઘણું હશે. એક દિવસ મિત્રોની હાજરીમાં જ રવિએ પૂછી નાખ્યું, 'કેમ દિવ્ય, કાંઈ મૂંઝવણમાં તો નથી ને ! બે સબજેક્ટમાં ફેલ થયો તે એનું જરા...'

દિવ્યએ કહ્યું, "રવિ ! સાચું કહું તો હાલ મને એનું લગારેય દુ:ખ નથી. હા, રીઝલ્ટ બહાર પડ્યું ત્યારે જરા આંચકો લાગ્યો હતો, પણ પછી તો રીઝલ્ટ લઈને હું સીધો નીતિન અંકલ પાસે પહોંચી ગયો. તેમણે મને અડધો કલાક આપ્યો. તેમની વાતોથી મને સમજાઈ ગયું કે જીવનમાં ઘટતી દરેક સુખદ કે દુ:ખદ ઘટના અને તેમાંથી મળતા અનુભવો આપણને આગળ લેવાનાં માધ્યમો છે. જેને લોકો અસફળતા કહે છે, એના જ માધ્યમે જો આપણી અનેક નવી દિશાઓ ખૂલતી હોય, કેટલાક નવા અનુભવો મળતાં અનેક નૂતન ફીલ્ડમાં આપણો પ્રવેશ થતો હોય, હવે પછીનાં સ્ટેપ કેવી રીતે-કેવાં લેવાં તે વિશેની સાવધાની મળતી હોય, તો પછી એને અસફળતા કેમ કહેવાય ?

મારા પ્રભુએ મારા ફ્યુચરને અનુલક્ષીને મારું ડ્રોઈંગ કાંઈક બીજા પ્રકારનું બનાવ્યું હોય ને હું એને અસફળતા કે દુ:ખ માનીને દુ:ખી થાઉં તો એમને કેવું લાગે ? પ્રભુના વિશ્વાસે જીવવાને બદલે ચિંતા કર્યા કરું તો પ્રભુને કેવું લાગે ? હા, મેં મહેનત કરવામાં ખામી રાખી છે અને હું ફેલ થયો છું એ તો મારો જ વાંક છે. આળસ-પ્રમાદ ને ગાફલાઈ છોડી હજુ વધારે અભ્યાસમાં ધ્યાન આપ્યું હોત તો સારું હતું, પણ હવે જ્યારે પ્રભુએ મને પાઠ ભણાવવા કે કોઈ કારણોસર આ અનુભવ આપ્યો જ છે, ત્યારે જો હું દુ:ખી થાઉં તો મેં સત્સંગ પચાવ્યો કેમ કહેવાય !"

નીતિન અંકલે મને આવી ઘણી ઘણી બળભરી વાતો કરી હતી. તે વાતોથી હવે મને એમ લાગે છે કે હું ક્યાં મારી આખી જિંદગી હારી ગયો છું ! માત્ર એક જ વર્ષ. અને તેમાં પણ હું સાઈડમાં સ્પીકીંગ કોર્ષ, કમ્પ્યુટર કલાસ અને તેમના સુચવ્યા મુજબ એક કંપનીમાં ઇન્ટરવ્યુ આપીશ. માટે જે થયું તે બધું સારું જ થયું છે. મને આ બાબતે કોઈ જ દુ:ખ નથી, ઊલટાનો હું આવી કોઈક પ્રતિકૂળ બાબતો આવી પડે તો તેનો સામનો કરવા સક્ષમ થઈ ગયો છું. જો નીતિન અંકલે મને આ બધી વાતો સમજાવી ન હોત તો કદાચ હું પણ અન્ય નાપાસ થયેલ વિદ્યાર્થીઓની માફક નાસીપાસ થઈ જાત.'

રવિ અને તેના મિત્રો દિવ્યની વાત એકીટશે સાંભળતા રહ્યા. એટલામાં સાથે રહેલ આતિથ્યને પોતાની વાત યાદ આવી ગઈ. તેણે કહ્યું, 'દિવ્ય ! અંકલે તને કરેલી વાતો તદ્દન સાચી છે. આપણામાં

મજબૂતાઈ કે ઊંચાઈ ત્યારે જ આવે છે, જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવાનો થાય. મારા જીવનમાં મને પણ અંકલે બહુ બળ આપ્યું છે. પહેલાં તો હું કાયમ જે તે સેવા સંભાળવાની ઘસીને ના પાડી દેતો. અપમાન થવાની બીકે–માન જવાના ભયમાં જવાબદારીથી અત્યંત ડરતો. જ્યારે મોટાના વચને જવાબદારી લેવા માંડ્યો ત્યારે પણ કેટલીક વાર એવું બનતું કે સેવા બાદ રાજીપાની–વખાણની આશા હોય ને કાંઈક બીજું જ થઈને ઊભું રહે. પછી તો હું નક્કી જ કરી લેતો કે હવે હું કોઈની પણ નીચે રહીને સેવા કરીશ; જવાબદારી નહીં. પછી તો એક દિવસ નીતિન અંકલે મને દોઢ કલાક સમજાવીને મારા સેફ્ટીઝોનમાંથી મને બહાર કાઢ્યો. મારા પર પ્રભુની, સંતો–ભક્તોની કૃપા કે તે દિવસથી હવે એવી ઘેડ્ય પડી ગઈ છે કે ગમે ત્યારે, ગમે તેવી અઘરી સેવા સોંપે; આવડત કે અનુભવ ન હોય તોય ડર નથી લાગતો.'

આટલી વાત થતાં આલાપે પોતાનો એક પ્રસંગ સંભારી બોલવા માંડ્યું, 'બે વર્ષ પહેલાં હું પાણીથી બહુ ડરતો. એકવાર મિત્રો દ્વારા મને મારા દોરેલા સર્કલમાંથી બહાર કાઢવાનો વ્યુહ રચાયો. તેઓ મને તરતા શીખવાનું જોવાના નિમિત્તે સાથે લઈ ગયા. હું કૂવાના કાંઠે બેસી તેમને તરતા જોઈ રહ્યો હતો. અચાનક દીપકે પાછળથી આવીને મને એવો ધક્કો મારી દીધો કે ભફાંગ લઈને હું કૂવામાં પડ્યો. મારા હોસકોસ ઊડી ગયા, પણ... મને તરતા આવડી ગયું, ભય જતો રહ્યો. જો મારા જીવનમાં આ બનાવ બન્યો જ ન હોત તો હું આજીવન પાણીથી ડરતો રહેત.'

હવે પોતાના વિચારોમાં ખોવાયેલ નિર્મિત બોલવા લાગ્યો, 'મારા જીવનમાં મેં પણ ઘણી સ્ટ્રગલ લીધી છે. ડગલે ને પગલે આવતા દુઃખોથી ઘડાઈ ગયો છું એટલે હવે બહુ ફરક નથી પડતો; આનંદમાં રહેવાય છે. નહિ તો ગાલે ફોલ્લી થઈ હોય એનું પણ મને ટેન્શન રહેતું. મારી ૧૨ વર્ષની ઉંમરે પપ્પા આ દુનિયા છોડીને ચાલ્યા ગયા, તેથી નાનપણથી જ વ્યવહારની તમામ જવાબદારી માથે આવી પડી. અભ્યાસના ખર્ચા, મકાનનું ભાડું, હપ્તા ચૂકવી શકાય નહિ, વળી દવાખાનાના ખર્ચા આવ્યા કરે. આર્થિક સંકડામણના એ દિવસો કદી નહિ ભુલાય. પણ આ બધી બાબતોમાં એટલું ચોક્કસ કહીશ કે આ દરેક અનુભવો સત્સંગથી, સંતો–ભક્તોનાં હૂંફ–બળ–પ્રેમથી સોનાના થઈ ગયા છે. જો મને સત્સંગ મળ્યો ન હોત તો મેં આપઘાત જ કરી લીધો હોત.

મારા એક એક પ્રસંગે મને ઘણું ઘણું શીખવ્યું છે. ધીરજ, પ્રભુનો વિશ્વાસ અને દાસત્વ વધારી આપ્યું છે; સંતો–ભક્તોનો પ્રેમ અપાવ્યો છે. આ સંસારમાં આપણાં સાચાં સગાં પ્રભુ અને પ્રભુપ્યારા સિવાય કોઈ નથી એ વાત પાકી કરાવી દીધી છે. સ્વાર્થના સગાની અને માયાની વાસ્તવિકતાની વાત સમજાવી દીધી છે. અત્યારે એવું લાગે છે કે, પ્રભુએ મને કોઈ જ દુઃખ આપ્યું નથી. ઊલટાનું દુઃખમાં પણ દુઃખી ન થવાની અને સમજણથી સુખી રહેવાની કળા શીખવી છે. પ્રભુએ મને અભ્યાસમાં ભલે કાચો રાખ્યો, પણ સદાય સુખી રહેવાનું કેલ્ક્યુલેશન કેમ કરવું ? એ શીખવી દીધું છે.' આમ ઘડતરના પાઠ અંગે પોતાના અનુભવની વાતોથી પરસ્પર બળ મેળવી સૌ મિત્રો છૂટા પડ્યા.

વહાલા ભક્તો ! જે બાબત યશના અજવાળામાં નથી દેખાતી તે કેટલીક વાર અપયશના અંધારામાં દેખાતી હોય છે. જે વાત સફળતાના શિખર પર હાથમાં નથી આવતી, તે કેટલીક વાર અસફળતાના તળિયેથી હાથ લાગતી હોય છે. જે બાબત સુખ અને સુવિધામાં નથી સમજાતી તે કેટલીક વાર દુઃખ અને દ્વિધામાં સારી રીતે સમજાઈ જતી હોય છે. ઉપરોક્ત બાબતોનો આપણને અનુભવ નથી એટલે જ આપણે દુઃખથી દૂર ભાગીએ છીએ, અગવડતાનો અસ્વીકાર અને અણગમો રાખીએ છીએ, જરા સરખી મુશ્કેલી આવી પડે ત્યાં તો ઘાંઘા થઈ જઈએ છીએ; પરંતુ જો શૂરવીર બની તેનો સામનો કરીએ તો આપણા વ્યક્તિત્વમાં જબરો નિખાર આવે અને આપણી આંતરિક હાઈટ ખૂબ વધી જાય.

જ્યારે આપણે આવી બાબતની કેળવણીથી દૂર ભાગી દુઃખ, અપમાન, અસફળતા અને અગવડતામાંથી મળતા અનુભવો લેવાનું પસંદ નથી કરતા ત્યારે આપણી પ્રગતિ રૂંધાવા બાબતે આપણે પોતે જ જવાબદાર બની જઈએ છીએ. માટે જો આપણે પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવવા ઇચ્છતા હોઈએ તો ગમે તેવાં દુઃખો, મુશ્કેલીઓ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં ભાગ્યા કે ભાંગ્યા વિના તેનો સામનો કરવા હંમેશાં તત્પર જ રહેવું જોઈએ. કેમ જે, પ્રતિકૂળતામાં પ્રગતિ જબરી થાય છે... ●●●




વચનામૃતમાંથી એક નજર

# ભક્ત કેવો હોય ?

લેખક : પ.ભ.શ્રીપંકજભાઈ ડી.પટેલ-વડોદરા

મહારાજે પોતાના આશ્રિતોનું આત્યંતિક કલ્યાણ થાય તે માટે, વચનામૃતમાં અનેક વાર ભક્તનાં લક્ષણો દર્શાવતી વાતો કરી છે. વર્તમાનકાળમાં પણ આપણને મળેલા સંતો આવો જ દાખડો કરી રહ્યા છે. "**ભગવાનનો ભક્ત હોય તે પોતાને દેહરૂપ સમજે જ નહિ. ભગવાનનો ભક્ત હોય તેની વૃત્તિ ભગવાન સિવાય બીજે જાય જ નહિ. ભગવાનના ભક્ત તો બ્રહ્મની મૂર્તિ જ છે...**" એવાં કઠિન લક્ષણો નહિ, પરંતુ ભગવાન અને સંતોની કૃપાથી થોડા દાખડે પ્રાપ્ત કરી શકાય, તેવાં અનેક લક્ષણો પૈકી થાલીપૂરક ન્યાયે, જૂજમાં, આપણે ક્યાં ઊભા છીએ ? એની ચકાસણી કરીએ.

૧. જેના હૈયામાં **ભગવાનની ભક્તિ** હોય ને **ભગવાનનો મહિમા** જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર **રીસની આંટી** બંધાય જ નહીં. ( કારિ.૯ ) ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.(મ.૬૦) પોતામાં દોષ હોય તેને દેખે નહિ અને ભગવાન ને **ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય** અને તે ભગવાનના ભક્ત થકી જેને **બેપરવાઈ થઈ જવાય,** એ જ એને અતિશય મોટું વિઘ્ન છે. (અં.૮)

**શું મારે ભાગીદારી, લગ્નવ્યવહાર, લેણદેણ કે કોઈ પણ કારણસર ભક્ત ઉપર રીસની આંટી બંધાઈ જાય છે ? એમનાથી મન નોખું પડી જાય છે ?**

૨. "જેના હૃદયમાં જગતના **સુખની વાસના** હોય તે સંગાથે તો અમે હેત કરીએ તોપણ થાય નહીં; માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે – એ અમારા અંતરનું રહસ્ય છે."(મ.૫૦) જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય ને તેને ભગવાન થકી **બીજા પદાર્થમાં તો હેત વધુ હોય,** તે તો કેવળ મીનડિયો ભક્ત છે; અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક હોય જ નહીં.(મ.૫૭) જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગ–સુખ છે તેને **કાકવિષ્ટા તુલ્ય** જાણ્યાં જોઈએ અને મન–કર્મ–વચને કરીને ભગવાન ને ભગવાનના ભક્તને વિશે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ.(વડ.૧૯) જે ભગવાનનો ભક્ત હોય તેને જેમ ભગવાનમાં પ્રીતિ હોય તેમ જ જો ધન, સ્ત્રી આદિક પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો એ ભગવાનનો દૃઢ ભક્ત કહેવાય નહીં. (અં.૨૨) "ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન અને સ્વભાવ – એ ચાર વાનાંમાં કાચ્યપ હોય ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તોપણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે.(અં.૨૮)

**શું મારે જગતના સુખની વાસના છે ? એ સુખ કાકવિષ્ટા જેવાં મનાય છે ? ભગવાન સિવાય મારે બીજું શું શું અધિક છે ? મને સ્ત્રી, ધન વગેરેમાં ખેંચાણ રહે છે ? જો રહેતું હોય તો મારી ભક્તિનો ભગવાનને વિશ્વાસ નથી, એની ખબર છે ?**

૩. ભગવાનનો જે ભક્ત હોય તેને તો જે જે પ્રકારનાં દુઃખ આવે છે તે દુઃખનાં દેનારાં કાળ, કર્મ, માયા એમાંથી કોઈ નથી; એ તો **પંડે ભગવાન જ** પોતાના ભક્તની ધીરજ જોવાને અર્થે દુઃખને પ્રેરે છે.(મ.૬૨) મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે **દુઃખ થકી રક્ષાનો કરનારો** ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના **બીજાને સુખદાયક ન જાણે** ને

પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય. (વડ.૫) પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતિવા સરસ થાય; તેને ખરો હરિભક્ત કહીએ.(અં.૨૫) "ભગવાનનો ભક્ત હોય ને તેને **કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો** ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, "આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મૂકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે એને ભોગવી લે એવો જે નિષ્કામ ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે."(અં.૨૮) જે એમ જાણે જે, "એ **ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા** છે જ નહિ, અને એમ જાણે જે "ભગવાન **વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી;** એવી જેને ભગવાનને વિશે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તોપણ એ અમને ગમે છે."(પ્ર.૩૭)

**શું મને દુઃખ આવે ત્યારે ટાણા ઉપર આ પ્રમાણેની સમજણ રહે છે કે ચૂંથાઈ જાય છે ? કોઈ વ્યક્તિએ આમ કર્યું એમ થઈ જાય છે ?**

**૪.** "અમારી સેવા કરતા હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તોય પણ ન થાય."(પ્ર.૩૭)

**હું સેવા તો દશ માણસ જેટલી કરું છું પણ નિર્માનીપણે, દાસપણે, કૃતજ્ઞતાપૂર્વક, ઋણીભાવથી, અંતરમાં પરમેશ્વરની ભક્તિ સહિત સેવા નહિ કરું તો ભગવાનને મારા ઉપર હેત નહિ થાય. શું મારા અંતરમાં એવા ભાવ રહે છે કે બીજું જ કાંઈક ઊછાળા માર્યા કરે છે ?**

**૫.** જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિશે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે અને ભગવાનને સર્વ સુખમય જાણીને **ભગવાનમાં વૃત્તિ રાખે.(પ્ર.૩૪)**

**શું હું માયિક પદાર્થોને દોષરૂપ સમજું છું ? ભગવાનને જ સુખમય સમજું છું ?**

**૬.** ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે.(પ્ર.૩૨) ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો **ભગવાન વિના બીજે** રહે જ નહીં. અને તેને તો એ જ ફકર રહે છે જે, "મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે."(પ્ર.૪૯)

**શું હું ભગવાનના સ્વરૂપમાં વિરામ કરું છું ? મારી વૃત્તિ ભગવાન વિના બીજે રહે છે ? શું મને જગતમાં વૃત્તિ રાખવી કઠણ પડે છે ?**

**૭.** "મને તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરીને પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામ-ક્રોધાદિક સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ-સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે." એવો વિચાર નથી કરતો ને આઠોપહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે."(પ્ર.૨૪) જે ભક્ત એમ સમજે જે, "આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે, અને **એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.** એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે."(પ્ર.૭૮)


**શું હું ચોવીસે કલાક આનંદના મહાસાગરમાં ઝીલતો રહું છું ? જો ઉદ્વેગ મટતો જ નથી, તો હું કઈ સમજણથી સત્સંગ કરું છું ?**

વહાલા ભક્તો, આ રીતે પોતાની જાતને તપાસતા રહીશું અને સુધારો કરવા માટે થોડો પણ પુરુષ પ્રયત્ન કરીશું, ભગવાન અને સંતોને કાલીઘેલી પ્રાર્થના કરતા રહીશું, તો આપણને જે મળ્યા છે તે જ આપણા કાલાવાલા જોઈને, કરુણા કરી આપણને શુદ્ધ કરી જ દેશે; એવો અટળ વિશ્વાસ રાખી આજથી જ મંડાઈ પડીએ. ●●●

બાળકિલ્લોલ

# બ્રાહ્મણ અને ત્રણ ઠગ

એક બ્રાહ્મણ વેદ–પુરાણોના જ્ઞાની પણ કાનના કાચા, કોઈ કાંઈક કહે તો તેનો વિશ્વાસ કરી લેતા. તેઓ દક્ષિણા માંગીને ગુજરાન ચલાવતા.




બાજુના નગરમાં એક શેઠને દીકરો થયો તેથી શેઠે આ બ્રાહ્મણને બકરી દાનમાં આપી.

બ્રાહ્મણ બકરીને લઈને રસ્તામાં ચાલતા સ્વપ્ના જોતો આવે છે.




રસ્તામાં ત્રણ ઠગ બ્રાહ્મણને જુએ છે અને તે બકરી પડાવવાની યોજના બનાવે છે.







બ્રાહ્મણ ત્યાંથી આગળ જાય છે.

થોડે દૂર જાય ત્યાં બીજો ઠગ મળે છે.






આગળ જતા એક ત્રીજે ઠગ મળે છે.







આમ કહી બ્રાહ્મણ બકરીને ત્યાં જ છોડીને ભાગી જાય છે.

બ્રાહ્મણના ગયા પછી ઠગ બધા ભેગા થાય છે.




**બોધ : બીજાની વાત સાંભળીને તરત વિશ્વાસ ન કરવો પણ પોતાની બુદ્ધિથી વિચારીને તેની વાત પર વિશ્વાસ કરવો.**



## OCTOBER MONTH'S ANSWERS

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 મા | | | | 2 જ | વ | | 3 મા | | | 4 ઝીં | ઝા | 5 વ | દ | ર |
| 6 મા | 7 છ | લા | | ન | | 8 સુ | વા | સિ | 9 ની | | | 10 ડુ | ભા | ણ |
| | પૈ | | 11 સા | મ | 12 વે | દ | | | ય | | 13 સી | તા | જી | |
| 14 ગ | યા | દ | ત | | 15 દ | ર્શ | ન | | મ | | 16 ની | લ | 17 કં | ઠ |
| જ | | | | | ર | ન | | 18 જે | | | | | કુ | |
| | | 19 સુ | | 20 છા | સ | | 21 જે | ત | લ | પુ | ર | | | 22 રા |
| 23 એ | કા | દ | 24 શી | | | 25 કા | લુ | પુ | ર | | | | 26 ગા | ય |
| ભ | | | ત | | | લ | | 27 ર | ઘુ | વી | ર | 28 જી | | બા |
| 29 લ | ટ | 30 કા | ળા | | | વા | | | | | | વા | | |
| | | ળા | | 31 ફ | રે | ણી | | | 32 લા | | 33 સુ | ખા | નં | 34 દ |
| 35 સુ | ર | ત | | ઈ | | | | 36 લા | ડુ | બા | | ચ | | શ |
| 37 પં | ચા | ળા | | 38 બા | 39 મ | રો | 40 લી | | | | 41 ગી | ર | ના | ર |
| | 42 શ્રા | વ | ણ | | ન | | 43 લા | લા | ભા | ઈ | | | | થ |

# "દિવાળી શિબિરની યાદગાર પળો"

ચાલો ઘરસભા કરીએ

લેખક : પ.ભ.શ્રીદિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ



**કીર્તન :** YouTube

**ધૂન :** બ્રહ્મભાવે સ્મરણ વર્ષ છે, તો બધા સભ્યો ભેગા મળીને નીચેની ધૂન સાથે સ્મરણ કરીશું.

YouTube

**પૂજન :** ઘરના બધા સભ્યોએ સમૂહમાં મહારાજનું પૂજન કરવું.

**પ્રાર્થના :**

**બ્રહ્મભાવે હરિસ્મરણ કરવું,**
**આત્મામાં હરિરુપને ધરવું;**
**પરસ્પર આ યાદ રખાવવું,**
**પળય જ્ઞાન આ ભૂલી ન જવું.**

હમણાં જ આપણે બધાએ ભેગા મળીને મહાઆનંદનો લ્હાવો એટલે શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર–૩૨મી માણી. પૂ.ગુરુજી, સંતો–ભક્તો સાથે મળીને આપણા અજ્ઞાનને દૂર કરીને આત્મામાં ઘણો ઉજાસ કર્યો. તે મહાઆનંદને માણવા–વાગોળવા માટે આ શિબિરને ફરીથી ઘરસભાના માધ્યમે માણીએ.

**શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિરનાં દિવ્ય સંસ્મરણો...**

YouTube

વિડિઓના અંતે ઘરના મોભીએ દરેક સભ્યોને પોતાના શિબિરના અનુભવ પૂછવા. ઘરના સભ્યોએ કઈ કઈ રીતે શિબિરની દિવ્યતા માણી અને હવે જીવનમાં શું ઠરાવ કર્યા, શું સુધારો કરવાનું નક્કી કર્યું ? તે વિચારી તે અંગે ચર્ચા કરવી. પછી શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર–૩૨ સત્સંગ સેવક વિશેષાંક જોવું, વાંચવું અને વિચારવું.

વળી, પૂ.ગુરુજીએ બેસતા વર્ષને દિવસે કહ્યું હતું કે, બધા ભક્તોએ ભેટીને ગયા વર્ષમાં કોઈ દુઃખાઈ ગયા હોય તેની માફી માંગી લેવી, તો તે મુજબ ઘરના સભ્યોએ પણ એકબીજાની માફી માંગી લેવી અને એકબીજાને માફી આપી દેવી.

પૂ.ગુરુજીએ આપણા માટે જે તિલ–ચિહ્નનું ધ્યાન કરવાનું કહ્યું છે તેની યાદી અપાવવી. વળી, પૂ.ગુરુજીએ હમણાં સવારની કથામાં સહુને આજ્ઞા કરી છે કે સ્વૈચ્છિક ભજન કરવું. તો ઘરના બધા સભ્યોએ કંઈક વિશેષ ભજન–સ્મરણ કરવા અંગે જાગૃતિ લાવવી. તેમજ સવારની કથા સાંભળવા બાબતે ધ્યાન દોરવું.

સભાને અંતે નવા વર્ષની પ્રથમ ઘરસભા હોવાથી એકબીજા સભ્યોને મુખમાં પ્રસાદ જમાડવો. ●●●




## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.ચીમનભાઈ નારણભાઈ પટેલ–પાદરા



મૂળગામ પાદરાના આત્મીય સભ્ય પ.ભ.શ્રીચીમનભાઈ નારણભાઈ પટેલ તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ ૭૦ વર્ષની ઉંમરે રાત્રે ૧૦:૩૦ કલાકે માળા ફેરવતાં ફેરવતાં મૂર્તિરૂપી માળામાં વિરામ પામી અક્ષરવાસી થયેલ છે. તેઓ એક નિષ્ઠાથી પૂ.ગુરુજી સાથે જોડાયેલા હતા. તેઓ રોજ નિયમિતપણે સવારે ૪:૦૦ કલાકે ઊઠી ધ્યાન, ધૂન, મંગળા આરતી, સવારની કથા સાંભળતા અને ૧૦ વાગ્યા સુધી ભજન કરતા. ત્યારપછી વ્યાવહારિક કામકાજમાં જોડાતા. તેમને પૂ.ગુરુજી અને પૂ.સંતોમાં અપાર હેત અને વિશ્વાસ હતાં. તેમણે પોતાનું ઘર વગેરે સત્સંગ માટે જ કરી રાખ્યું હતું. પાદરા ગામના સત્સંગમાં આગેવાન ગણાતા ચીમનકાકા રવિસભા, ગ્રુપસભા, રાસોત્સવ વગેરે સત્સંગના કાર્યક્રમો તેઓ પોતાના ઘરે કરાવતા અને પોતે જ યજમાન થઈ સેવાનો લાભ લેતા હતા.


તેઓ કુંડળધામ અને કારેલીબાગ–વડોદરા મંદિરમાં રહેતા સંતો–ભક્તો માટે દર વર્ષે પોતાના ઘરના આંબાની કેરીઓ, પોંક, શાકભાજી વગેરે નિયમિતપણે ભાવથી મોકલતા રહેતા. આવા ગુણો હોવા છતાં તેઓ સંતો–ભક્તો પાસે દાસ થઈને નિર્માનીપણે સેવા કરતા હતા. તેમણે શ્રીસ્વામિનારાયણ મંદિર, પાદરામાં ૧૭ વર્ષ સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. આવા નિર્માની અને પ્રેમી પ.ભ.ચીમનકાકાને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીઅશોકભાઈ મગનભાઈ પરમાર – વડોદરા



મૂળગામ ચાણોદ અને હાલ વડોદરામાં રહેતા પ.ભ.શ્રીઅશોકભાઈ મગનભાઈ પરમાર તા.૦૫/૧૦/૨૦૨૩ના રોજ ૫૯ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરધામ નિવાસી થયા છે. તેઓ આત્મીય સભ્ય હતા. શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ–વડોદરામાં અવારનવાર સેવા કરવા આવતા. તેમને સેવા કરવાનું અને કથાશ્રવણનું સારું અંગ હતું, વળી તેમણે પોતાના દીકરાઓ પ્રણવ અને અક્ષેશ વગેરે પરિવારના સભ્યોને સ્વામિનારાયણ ભગવાનમાં નિષ્ઠા, સંતોમાં સ્નેહ, ભજન–ભક્તિનું અંગ પડે એવી કુનેહ વાપરી ખૂબ સારા સંસ્કાર આપ્યા છે; આવા અશોકભાઈના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો તથા તેમનો વિયોગ સહેવાનું બળ આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીછગનભાઈ કાનજીભાઈ મોકાણી–ઈન્દોર



મૂળગામ રવાપર (કચ્છ) હાલ ઈન્દોરમાં રહેતા પ.ભ.શ્રીછગનભાઈ કાનજીભાઈ મોકાણી તા.૦૮/૧૦/૨૦૨૩ના રોજ ૭૬ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયેલ છે. તેઓ નિયમિત પણે કુંડળધામથી થતી સવારની કથા સાંભળતા અને ભજનયાગમાં જોડાઈ ભજનના નિયમો નિયમિત રીતે પાળતા હતા. તેમને સેવાનું અંગ સારું હતું. તેઓ હિંડોળા ઉત્સવમાં અવારનવાર સેવા કરવા આવતા હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. શ્રીજીમહારાજ છગનભાઈને ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા દીપકભાઈ વગેરે પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીવિઠ્ઠલભાઈ ડાયાભાઈ ભિકડીયા–નિંગાળા



નિંગાળા ગામમાં રહેતા પ.ભ.શ્રીવિઠ્ઠલભાઈ ડાયાભાઈ ભિકડીયા તા.૧૫/૧૦/૨૦૨૩ના રોજ ૮૧ વર્ષની ઉંમરે શ્રીજીસ્મરણ કરતાં અક્ષરનિવાસી થયેલ છે. વિઠ્ઠલદાદાએ શ્રીસ્વામિનારાયણ મંદિર, નિંગાળામાં ૩૦ વર્ષ સુધી કોઠારી તરીકે સેવા કરી હતી. વળી ઘણા વર્ષો સુધી તેમણે મંદિરમાં શ્રીહરિલીલામૃત ગ્રંથની કથા પણ કરી હતી. આવા ભગવદ્‌ભક્ત વિઠ્ઠલદાદાના આત્માને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને દાદાના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીઅખિલેશભાઈ ઈન્દ્રવદનભાઈ પટેલ–ગોધરા



ગોધરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીઅખિલેશભાઈ ઈન્દ્રવદનભાઈ પટેલ તા.૨૬/૦૯/૨૦૨૩ના રોજ ૩૦ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. તેઓ ગોધરાની યુવાસભાના સભ્ય હતા અને કુંડળધામથી થતી સવારની કથા નિયમિત સાંભળતા. તેમને સેવાનું અંગ સારૂં હતું. તેઓ ક્યારેય કોઈને સેવા કે મદદ માટે ના પાડતા નહીં. કાયમ ઉત્સાહથી સેવા કરતા. તેમનો આખો પરિવાર ભગવાન શ્રીસ્વામિનારાયણનો આશ્રિત–સત્સંગી છે. શ્રીજીમહારાજ અખિલેશભાઈને ધામમાં પોતાની મૂર્તિનું સુખ આપે તથા તેમના પરિવારજનોને અચાનક આવી પડેલા દુઃખને સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.અરુણભાઈ લક્ષ્મણભાઈ ડુંગરાણી–સુરત



મૂળગામ ખોપાળા અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીઅરુણભાઈ લક્ષ્મણભાઈ ડુંગરાણી તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ ૪૫ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયેલ છે. તેઓ સારા સત્સંગી હતા. કુંડળધામમાં થતી સવારની કથા નિયમિત સાંભળતા હતા. અરુણભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને અરુણભાઈ જેવા સદ્‌ગુણ તથા તેમના વિયોગનું દુઃખ સહન કરવાનું બળ આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## શ્રીપુરુષોત્તમ ચરિત્ર ગ્રંથ–કથા સમાપ્તિ સમારોહ–કુંડળધામ





શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામથી દરરોજ પ્રસારિત થતી મોર્નિંગ કથામાં પ.પૂ.ગુરુજીની પ્રેરણા અને આશીર્વાદથી કવીશ્વર શ્રીદલપતરામ વિરચિત 'શ્રીપુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથની અનુપમ કથાનો છેલ્લા અઢી વર્ષથી દેશ–વિદેશમાં ભક્તો લાભ લઈ રહ્યા હતા.

પૂ.દયાળુ સ્વામીના શ્રીમુખે ગવાયેલ આ કથા પારાયણનો પ્રારંભ વિ.સં.૨૦૭૭ ફાગણ સુદ–૧૧, ગુરુવાર તા.૨૫/૦૩/૨૦૨૧ના રોજ કુંડળધામથી થયો હતો. પૂ.સ્વામીએ આ કથામાં વિડિઓ ક્લીપ, ચાર્ટ વગેરે દ્વારા સૌને સરળતાથી સમજાય એમ અમૃતના કુંભ જેવી કથા કરી સૌને મહારાજમાં જોડાવા માટેનું માધ્યમ પૂરું પાડ્યું હતું. આ શ્રીપુરુષોત્તમ ચરિત્ર કથાભાગીરથી અનેક મુમુક્ષુઓનાં કલ્યાણ કરતી કરતી વિ.સં.૨૦૭૯ ભાદરવા વદ–અમાસ, શનિવાર તા.૧૪/૧૦/૨૦૨૩ના રોજ વિરામ પામી હતી.

આ શુભ અવસરે કુંડળધામમાં અનોખો માહોલ સર્જાયો હતો. તેનો લાભ લેવા ગામોગામથી ભક્તો ઉમટ્યા હતા. આ પ્રસંગે પ.પૂ.સદ્.શા. શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી–ગાંધીનગરવાળાએ રૂડા આશીર્વાદ આપ્યા હતા તેમજ પૂ.ગુરુજીએ પોતાની હૃદયોર્મિ રજૂ કરતાં જણાવ્યું હતું કે, આ પારાયણ ૪૯૬ ભાગમાં થયેલ છે. શ્રીહરિજી મહારાજે વડતાલધામની ધર્મશાળામાં સંતોને ૪૯૬ વાર પીરસ્યું હતું, તેમ ૪૯૬ વાનગીનો અન્નકૂટ એટલે પૂ.દયાળુ સ્વામીએ કરેલ શ્રીપુરુષોત્તમ ચરિત્ર ગ્રંથની કથા.

આ પૂર્ણાહુતિ સમારોહના યજમાનપદની સેવાનો લાભ પૂ.ગુરુજીએ અતિ રાજી થઈને આણંદ–નડિયાદના ભક્તોને આપ્યો હતો. અંતે સૌ સંતો–ભક્તોએ પ્રસાદનો લાભ લઈ આ ચિરસ્મરણીય પ્રસંગને અંતરમાં કંડારી ખૂબ આનંદ માણ્યો હતો.

## સંતશિબિર–૨૬, સમર્પિત–સેવાભાવી શિબિર–૧૫ તથા આત્મીય સભા–૧૧૭ – કુંડળધામ

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ–વડોદરા અને કુંડળધામમાં રહેતા ત્યાગી સંતો–ભક્તોનું આધ્યાત્મિક પોષણ કરવા દર વર્ષની જેમ પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૨૯/૧૧/૨૦૨૩ થી તા.૨૭/૧૨/૨૦૨૩ દરમ્યાન કુંડળધામમાં સંતશિબિર–૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ ચોસઠ પદી ગ્રંથના માધ્યમે અને પૂ.દયાળુ સ્વામીએ વચનામૃત ગ્રંથના આધારે સંત જીવનના ઘડતર એવું આધ્યાત્મિક પોષણ કરનારી ચિંતનીય વાતો કરી હતી. આ ઉપરાંત નિજદર્શન



સંતશિબિર-૨૬

કરવાના, સાધુતા સજાવવાના અને શ્રીહરિમાં જોડાવાના અનેકવિધ કાર્યક્રમોથી સૌ સંતો આનંદિત થયા હતા.

શિબિર દરમ્યાન તા.૨૨/૧૨/૨૦૨૩ના રોજ પૂ.ગુરુજી સર્વે ત્યાગી સંતો, પાર્ષદો, સાધકોને લઈને કારિયાણી, સાળંગપુર, બોટાદ અને ગઢપુર દર્શને પધાર્યા હતા. જેમાં સૌ પ્રથમ પૂ.ગુરુજી તથા તમામ સંતોએ શ્રીસ્વામિનારાયણ મંદિર કારિયાણીમાં બિરાજિત દેવોનાં દર્શન કરી પ્રભુપ્રસાદીભૂત સ્થળોએ દર્શન કર્યાં. પછી સાળંગપુર જઈને શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા શ્રીકષ્ટભંજન દેવનાં દર્શન કર્યાં.

પછી બોટાદના ભાંભણ રોડ પર નૂતન તૈયાર થઈ રહેલ ગઢપુર તાબાના શ્રીસ્વામિનારાયણ મંદિરમાં સહુ સંતો-ભક્તો ઠાકોરજી જમાડી ગઢપુર પહોંચ્યા. ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજ આદિ દેવોનાં દર્શન કરી અક્ષરઓરડી, ઘેલા નદી, લક્ષ્મીવાડી, મઘરિયો ડુંગર વગેરે સ્થાનોનાં દર્શન કર્યાં. આમ પ્રાસાદિક સ્થળોનાં અલૌકિક દર્શન તેમજ પૂ.ગુરુજીએ જે તે સ્થળે કરેલી વાતોથી સહુ સંતો ખૂબ રાજી થયા હતા.

ગઢપુર યાત્રા દરમ્યાન પૂ.ગુરુજી શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યા બાદ પ.પૂ.શા.શ્રીભગવત્પ્રસાદદાસજી સ્વામી-ગઢપુરના ગુરુ અ.નિ.પ.પૂ.શ્રીપ્રેમપ્રકાશદાસજી સ્વામીની સ્મૃતિમાં યોજાયેલ ‘ભાવવંદના મહોત્સવ’માં પણ સંતો સાથે પધાર્યા હતા અને રૂડા આશિષ પાઠવી સૌ ભક્તોને રાજી કર્યા હતા.

ત્યાર બાદ તા.૨૯/૧૨/૨૦૨૩ના રોજ સમર્પિત શિબિર-૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. ગુરુજીએ તથા પૂ.દયાળુ સ્વામીએ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામમાં સમર્પિત-સેવાભાવી તરીકે રહીને સેવા કરતા ભક્તોને તેમની સેવા, નિષ્ઠા અને સમર્પણ બદલ રાજીપો આપ્યો હતો. તેમજ તા.૩૦/૧૨/૨૦૨૩ના રોજ વ્યાવહારિક શિબિર-૧૪નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક ઝોનના મુખ્ય કાર્યકર ભક્તોએ વ્યાવહારિક અને આધ્યાત્મિક માર્ગમાં પડતી મુશ્કેલી-મૂંઝવણો વિશે નિર્ણાયક ચર્ચા-વિચારણા કરી હતી. જેમાં પૂ.ગુરુજીએ વિશેષ સમય આપી માર્ગદર્શન અને આશીર્વાદ આપ્યા હતા. તા.૩૧/૧૨/૨૦૨૩ના રોજ સં.૨૦૮૦ના વર્ષની પહેલી આત્મીય સભા-૧૧૭નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ બ્રહ્મભાવે ભજન-સ્મરણ કરવા અંગેની સુંદર ટિપ્સ આપી હતી.


કારિયાણી


સાળંગપુર


બોટાદ


ગઢપુર


ભાવ વંદના મહોત્સવ-ગઢપુર

## ● ચતુર્થ વાર્ષિક પાટોત્સવ એવં નૂતન સંતનિવાસ ઉદ્‌ઘાટન મહોત્સવ–શ્રીસ્વા. મંદિર, હરિનગર–વડોદરા





શ્રીસ્વામિનારાયણ મંદિર, હરિનગર–વડોદરાના નિજમંદિરમાં વિરાજમાન શ્રીસંકલ્પ સિદ્ધ ઘનશ્યામ મહારાજ તથા દેવોના ચતુર્થ વાર્ષિક પાટોત્સવ એવં મંજુકેશાનંદજી નૂતન સંતનિવાસ ઉદ્‌ઘાટન મહોત્સવ અંતર્ગત પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા પ.પૂ.શા.શ્રીવિશ્વવલ્લભદાસજી સ્વામી–ડભાણવાળા, પીજની પ્રેરણાથી અને તેમના જ વક્તાપદે તા.૧૩ થી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન ‘શ્રીમદ્‌ભાગવત દશમસ્કંધ કથા પારાયણ’નું અનોખું અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ જ્ઞાનયજ્ઞમાં કથા પારાયણ ઉપરાંત કીર્તન–ભક્તિ, મહાઅન્નકૂટ દર્શન, દિવ્ય ઠાકરથાળી, પુષ્પદોલોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલામંચ જેવા અનેકવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૦/૧૨/૨૦૨૩ના રોજ પ.પૂ.સદ્‌. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ કુંડળધામથી પધારી સૌ ભક્તોને ‘વડોદરામાં યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી’ એ વિષય અંતર્ગત યોગીરાજના પરચાઓ અને તેમના મહિમાની સદૃષ્ટાંત ખૂબ સુંદર કથા–વાર્તા અને આશીર્વચનનો વિશેષ લાભ આપી સૌને ધન્ય કર્યા હતા.

## ● ૨૦૪મી શ્રીવચનામૃત જયંતી–કુંડળધામ





શ્રીસ્વામિનારાયણ ભગવાનની પરાવાણી સ્વરૂપ ગ્રંથરાજ શ્રીવચનામૃતની ૨૦૪મી વચનામૃત જયંતિ નિમિત્તે વચનામૃતના પાઠ અને પૂજન કુંડળધામથી સંતો દ્વારા ગત ૧૬ ડિસેમ્બર ૨૦૨૩, માગશર સુદ ચોથને દિવસે કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌ સંતો–ભક્તોએ શ્રીજીમહારાજની પરાવાણી શ્રીવચનામૃત ગ્રંથરાજનો સામૂહિક પાઠ કર્યો હતો. ત્યારબાદ પૂ.ગુરુજી સાથે સૌએ જનમંગલ નામાવલી દ્વારા અક્ષત, તુલસીપત્ર અને પુષ્પ વડે ગ્રંથ સ્વરૂપ પરમાત્માનું પૂજન કરી સમૂહ આરતીનો દિવ્ય લાભ લીધો હતો.

સુપ્રસિદ્ધ કુંડળધામના આંગણે યોજાયેલા આ દિવ્ય માહોલમાં પૂ.ગુરુજીએ વચનામૃત ગ.અં.૧૭ના માધ્યમે કથા–વાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં સૌને પ્રભુ પામવાના માર્ગે ભજન–ભક્તિ કરતાં કરતાં કેવા કેવા અવરોધો આવી શકે ? અને તે નિવારવા શું ઉપાય કરવો ? તે અંગે મોક્ષમાર્ગમાં ઉપયોગી સુંદર વાતો કરી હતી. પ.પૂ.ગુરુજીના આશીર્વચન સાથે દેશ–વિદેશમાં વસતા હજારો હરિભક્તો વર્ચ્યુઅલી જોડાયા હતા અને દિવ્ય લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.

RNI Reg No. Guj/Guj/2004-14154 Postal Lic. No.VDR-E/109/2024-26 valid up to 31-12-2026, posted at RMS-Vadodara on 05/01/2024, Published on 01/01/2024. Licence to Post without Prepayment No.PMG/GJ/01/2026 Valid up to 31-12-2026 વાર્ષિક લવાજમ રૂ.૪૦/- છૂટક કિંમત રૂ.૫/-

INDEX

# ૨૦૪મી વચનામૃત જયંતી




શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ




શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

From : Satsang Sevak Karyalay, Shree Swaminarayan Temple, Karelibaug-Vadodara-18, Gujarat-INDIA.